**સુવિચાર**

"ચાલો, એક વૃક્ષને આ ધરતી પર અપલોડ કરી લઈએ, વાદળોનું આખું ટોળું એને લાઈક કરવાં ઊમટી પડશે."

:: સૌજન્ય ::

**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૨/૦૯/૨૦૨૫, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ ભાદરવા વદ-૫ વર્ષ : ૧૬ અંક : ૨૩૧


## અમરેલી જિલ્લામાં જાહેર થયેલ કૃષિ રાહત પેકેજ યોજનાને લઈને

# હવે લાઠી પંથકનાં ખેડૂતોએ રોષ વ્યકત કર્યો

**લાઠીનાં પૂંજાપાદર ગામનાં ખેડૂતો કૃષિ રાહત પેકેજ યોજનાને લઈને કલેકટરને આવેદનપત્ર પાઠવ્યુ**

**એક જ પંચાયત તાબાનાં હરસુરપુરને સહાય મળી અને પૂંજાપાદરને અન્યાય**

**અતિવૃષ્ટિમાં થયેલ નુકસાનનું સર્વે કરનાર કર્મચારીઓએ કેવી રીતે સર્વે કર્યુ તે ખબર પડતી નથી**

**છેલ્લા ૧૦ દિવસથી જિલ્લાનાં જુદા-જુદા ગામેથી અવાજ ઉભો થઈ રહ્યો છે**









અમરેલી, તા. ૧૧

અમરેલી જિલ્લામાં ગત વર્ષે ઓકટોમ્બર માસમાં થયેલ અતિવૃષ્ટિથી લગભગ તમામ ગામોનાં ખેતી પાકોને વ્યાપક નુકસાન થતા રાજય સરકારે ખેતી પાકોની નુકસાનીનુ સર્વે કરાવેલ જેમા દે ધનાધન કરાતા ૫૦ ટકા જેટલા ગામોની સહાયમાં બાદબાકી થઈ જતા જિલ્લાભરમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.

જિલ્લાના જુદા-જુદા તાલુકા વિસ્તારમાં અન્યાયનો ભોગ બનેલ ખેડુતો સ્થાનીક મામલતદારને આવેદન પત્ર પાઠવી રહયા છે. સાવરકુંડલા, ખાંભા, લીલીયા, બગસરા, અમરેલી બાદ હવે, લાઠીનાં પૂંજાપાદર ગામનાં ખેડુતોએ જિલ્લા કલેકટરને આવેદન પત્ર પાઠવીને ન્યાય આપવા માંગ કરી છે.

ખેડુતોએ જણાવ્યુ કે, હરસુરપુર-પૂંજાપાદર વચ્ચે એક જ ગ્રામ પંચાયત છે. એટલે શમજી શકાય કે બંને ગામ નજીકમાં છે. છતાં પણ હરસુરપુર ગામને સહાય મળી અને પૂંજાપાદર ગામની બાદબાકી કરવામાં આવી હોય કૃષિ રાહત પેકેજમાં પૂંજાપાદરનો સમાવેશ કરવા માંગ કરી છે.

## જનતાનાં પરસેવાનાં પૈસાથી થતાં કામોથી જનતાની પરેશાની વધી

# અમરેલીમાં લીલીયા માર્ગ બનાવવામાં નિયમોની ઐસી તૈસી : શહેરનાં વાહન ચાલકો તોબા પોકારી ગયા

**માર્ગ બનાવતી એજન્સી મનફાવે તે રીતે માર્ગ બનાવતી હોવાનો આક્ષેપ**





અમરેલી, તા. ૧૧

અમરેલીના શહેર અંધેરી નગરી હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. જનપ્રતિનિધિઓ આપસી મતભેદ અને સતાની મલાઈ આપવામાં વ્યસ્ત હોય, જનતા મોંઘવારી, બેરોજગારી અને રોજબરોજનાં પ્રશ્નોથી ચિંતિત હોવાથી શહેરમાં કરોડો રૂપિયાનાં માર્ગો બનાવતી એજન્સીને કોઈનો ડર નથી રહ્યો કારણ કે માર્ગ મકાન વિભાગનાં અધિકારીઓને કમિશન મળતુ હોય તેઓને પણ કાંઈ પડી નથી.

અમરેલીમાં ચિતલ રોડ અને વરસરા રોડ નિયમોનો ઉલાળીયો કરીને બની રહ્યા છે. તેવા સમયે હવે લીલીયા રોડમાં પણ ફરિયાદ ઉભી થઈ રહી છે. સુરક્ષાનાં નિયમોનો ખુલ્લે આમ ઉલાળીયો થઈ રહ્યો છે. સાઈન બોર્ડ લગાવાતુ નથી. હલ્કી ગુણવતાન મટીરીયલ દુરૂપયોગ થઈ રહ્યો હોય અમરેલીમાં બનતા માર્ગો આગામી ચૂંટણીમાં મહત્વનો મુદ્દો તો નવાઈ પામવા જેવુ નહી રહે.

## સબંધ રાખવા દબાણ કરીને

# અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતી પરિણીતા ઉપર કૌટુંબિક દિયરે હુમલો કરતાં ચકચાર

**પરિણીતાએ ફરિયાદ નોંધાવતા તપાસ શરૂ**

અમરેલી, તા. ૧૧

અમરેલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી એક ૨૫ વર્ષિય પરિણીતાને તેણીના એક કૌટુંબિક સસરાના દિકરાના સંબંધે દિયર થતા આરોપી કપીલભાઈ વિનોદભાઈ બગડા (રહે. લીલીયા મોટા)એ છેલ્લા એકાદ વર્ષથી પરિણીતાના મોબાઈલ ફોનમાં ફોન તથા મેસેજ કરી, તેણીના ઘરે જઈ એકલતાનો લાભ લઈ કોઈપણ બહાને તેણીના શરીરે અડપલા કરી તેણીને સંબંધ રાખવા દબાણ કરતા પરિણીતાએ આરોપીને સંબંધ રાખવાની ના પાડતા આરોપીને સારૂ નહી લાગતા ગત તા. ૧૫/૮ના રોજ આરોપીએ તેણીના ઘરે પ્રવેશ કરી પોતાની કૌટુંબિક ભાભીના ગાલ પર બે ઝાપટ મારી, ડોક પર બટકુ ભરી, ભાભી સાથે જબરદસ્તી કરી હતી અને બનાવ અંગે કોઈને જાણ કરશે તો તેણીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પરિણીતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## માઈનોર બ્રિજનું કામ ચાલતું હોય

# બગસરાનાં કાગદડી ગામે મદદનીશ ઈજનેરને હપ્તો માંગીને માર માર્યો

**મદદનીશ ઈજનેરે ૪ વ્યકિતઓ વિરૂઘ્ધ ફરિયાદ નોંધાવી**

અમરેલી, તા. ૧૧

અમરેલીના લાઠી રોડ ઉપર નારાયણનગર સનફલાવર સ્કુલની સામે રહેતા અને આસી.એન્જીનિયર વર્ગ-૨ ના હોદ્દાની ફરજ બજાવતા ઉમેશભાઈ મહાદેવભાઈ પરમાર ગત તા. ૯ના રોજ સાંજે ૪:૩૦ વાગ્યે પોતાની રાજયસેવક તરીકે કાયદેસરની ફરજ ઉપર બગસરા કાગદડી ગામે માઈનોર બ્રિજની કામગીરી ચાલુ હોય જેથી જયાં નિરીક્ષણ માટે ત્યાં ગયેલ હતા. ત્યારે ત્યાં કાગદડી ગામે રહેતા આરોપી જયદિપ વિક્રમભાઈ ધાધલ તથા કુલદિપ મેરામભાઈ ધાધલે આસી.એન્જીનિયર પાસે આવી તેમને

**અનુસંધાન પાના ૬ ઉપર**

## રસીનાબેન ગાગદાણી નામનાં

# સાવરકુંડલાનાં પ્રૌઢાએ એકલવાયા જીવનથી કંટાળીને ઝેરી દવા પી લીધી

**જુના બસ સ્ટેશન સામે ઝેરી દવા પીધી**

અમરેલી, તા. ૧૧

સાવરકુંડલા ગામે રહેતા રસીનાબેન સતારભાઈ ગાગદાણી નામના ૫૦ વર્ષિય મહિલા એકલવાયુ જીવન જીવતા હોય જેથી કંટાળી ગયેલ હતા. જેથી ગત તા. ૮ના રોજ રાત્રે ૯:૫૦ વાગ્યાના પહેલા કોઈપણ સમયે મેમણ જમાતખાનાની સામે જુના બસ સ્ટેશન પાસે પોતાની મેળે ઝેરી દવા પી જતા તેમનું મોત થયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## નજીકનાં સગ્ગાનાં દિકરાનું કારસ્તાન

# બાબરાનાં સીમ વિસ્તારમાં ખેતરમાં સુતેલી યુવતી સાથે કર્યુ દુષ્કર્મ

**યુવતીને ગર્ભ રાખી દીધાની ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૧૧

મધ્યપ્રદેશના વતની અને હાલહાલ બાબરા ગામની સીમમાં ખેતરે રહેતી એક ૨૫ વર્ષિય યુવતીને ગત તા. ૩/૪/૨૫ના રોજ રાત્રીના સમયે ખેતરમાં સુતેલી હતી ત્યારે ભોગ બનનારના નજીકના સગાના દિકરા આરોપી દિનેશ ઉર્ફે ગુઠીયા પાડીયા ગુજરે (રહે. વેદપુરી, બડવાની, સિલાવદ, બડવાની મધ્યપ્રદેશ) એ ભોગ બનનારનું મોઢુ દબાવી, ઝુંપડીમાં લઈ જઈ ત્રણ વખત બળજબરીપુર્વક ભોગ બનનાર યુવતી સાથે બળાત્કાર કરી ભોગ બનનારને ગર્ભ રાખી દીધાની ભોગ બનનારની માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.












## ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં અગ્રણી જયનારાયણ વ્યાસની પત્રકાર પરિષદ યોજાઈ

# હીર ઉદ્યોગ અને તેના કારીગરો માટે સરકારે રાહત પેકેજ આપવું જોઈએ

### અમેરિકન ટેરિફ અને સાર્વત્રિક મંદીમાં સપડાયેલ ઉદ્યોગને બચાવી લેવો જરૂરી

અમદાવાદ, તા. ૧૧

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર મિત્રોના જી.એસ.ટી. સંબંધિત પ્રશ્નોનો જવાબ આપતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના વરિષ્ઠ આગેવાન અને પૂર્વ કેબિનેટ મંત્રી ડો. જય નારાયણ વ્યાસે જણાવ્યું હતું કે, સુરત હીરા ઉદ્યોગ માટે માત્ર ગુજરાતનું જ નહીં પણ વિનું એક મહત્વનું કેન્દ્ર બનીને ઉપસ્યું છે. સંખ્યાની દ્રષ્ટિએ વિ બજારમાં વેચાતા લગભગ ૯૦ ટકા હીરા એક યા બીજા સમયે સુરતમાંથી પસાર થાય છે. હીરા અને જવેલરી ઉદ્યોગ થકી સીધી આડકતરી રીતે સુરતમાં લગભગ ૮ થી ૧૦ લાખ કારીગરો રોજી મેળવે છે. સુરત ખાતેની હીરા ઉદ્યોગની આ પ્રવૃત્તિ છેલ્લા સાડા છ દાયકા કરતાં વધુ સમયથી સતત વિકસતી રહી છે. કોઈપણ ઉદ્યોગ આટલો લાંબો સમય ચાલે એટલે તેમાં ચઢાવ ઉતાર તો આવવાના જ.

સુરતમાં હીરા ઉદ્યોગ છેલ્લા બે–ત્રણ વર્ષથી મંદી તરફી પ્રવાહોનો શિકાર બન્યો છે. આટલા લાંબા સમયથી ચાલતી કોઈપણ ઔદ્યોગિક કે વેપારી પદ્ધતિ સતત એકધારી પ્રગતિ કરી શકે એવું ન બને. ભૂતકાળમાં પણ સુરતના હીરા ઉદ્યોગે એક યા બીજા કારણોસર ચઢાવ ઉતાર જોયા છે. ટેકનોલોજી અપગ્રેડેશન હોય, પૂરના પાણી ફરી વળ્યા હોય કે પછી પ્લેગ અથવા કોવિડ જેવી મહામારીનો આતંક હોય, હીરા ઉદ્યોગે અનેક ચડતી પડતી જોઈ છે અને એમાંથી ઊભા થઈને સિદ્ધિના નવા સોપાન સર કર્યા છે. સુરતના હીરા ઉદ્યોગ સાથે ભાવનગર અને અમરેલી જેવા સૌરાષ્ટ્રના તેમજ પાલનપુર અને ડીસા જેવા ઉત્તર ગુજરાતના કારખાના સીધી રીતે જોડાયેલા છે. છેલ્લા બે–ત્રણ વર્ષથી સુરતનો હીરા ઉદ્યોગ ત્રણ મોટા પરિબળોને કારણે પડકારોનો સામનો કરી રહ્યો છે:

(૧) વૈકિ મંદી અને ધીમી પડતી જતી અર્થ વ્યવસ્થા : ફુગાવો અને અમેરિકા, યુરોપિયન યુનિયન તેમજ ચીન જેવા મોટા પાયાના ગ્રાહક દેશોમાં મંદીતરફી વાતાવરણને કારણે હીરા તેમજ ઝવેરાત જેવી લકઝરી ખરીદી ઉપર મંદીનું ગ્રહણ લાગ્યું છે. આની સાથોસાથ માંગ ઘટવાને કારણે આ છેડે તૈયાર માલનો પુરવઠો વધી રહ્યો છે. ડીબિયર્સ જેવા રફના મુખ્ય ઉત્પાદકોએ ઉત્પાદનમાં કાપ મૂકયો છે.

(૨) રશિયા–યુક્રેન અને ઈઝરાયેલ–ગાઝા–હમાસ જેવા યુદ્ધઃ રશિયા–યુક્રેન યુદ્ધ છેલ્લા લગભગ ત્રણ વર્ષથી ચાલે છે. ઓકટોબર ૨૦૨૩થી હમાસ–ઈઝરાયેલ યુદ્ધના ભાગરૂપે ગાઝા તેમજ ઈરાનને અસર થતા વૈકિ આર્થિક વૃદ્ધિ જોખમાઈ છે.

(૩) લેબગ્રોન ડાયમંડની કુદરતી હીરા સાથે ઉભી થયેલી હરીફાઈ : માણસે કુદરતી હીરા જેવા હીરાનું લેબોરેટરીમાં સર્જન કર્યુ છે. કુદરતે જે પ્રોસેસ ધરતીના પેટાળમાં કરી તે માણસે લેબોરેટરીમાં કરી હીરાનું ઉત્પાદન કર્યુ છે જે કુદરતી હીરાથી સહેજ પણ ઉતરતા નથી. કુદરતી હીરા અથવા લેબગ્રોન હીરા બંને કાર્બનનું જ એક સ્વરૂપ છે, પણ લેબગ્રોન હીરા બનાવવા માટેની લેબોરેટરીમાં ખૂબ ઓછા માણસોની જરૂરિયાત પડતી હોવાથી અને તે કામ જોખમી ન હોવાથી અકસ્માતની સંભાવના શૂન્ય છે. આમ છતાંય લેબગ્રોન હીરાની કિંમત કુદરતી હીરાની સરખામણીમાં ઓછી રહે છે અને હજુ પણ એની સંપૂર્ણ સ્વીકૃતિ નથી થઈ. લેબગ્રોન હીરાના પ્રોસેસમાં પણ કારીગરોની જરૂર તો પડે પણ મજૂરીના દર કેરેટ દીઠ ઓછા હોય છે એટલે કુદરતી હીરામાં કામ કરતાં કારીગરોની સરખામણીમાં લેબગ્રોન હીરામાં કામ કરતો કારીગર ઓછું કમાય છે.

### હીરા અને જવેલરી ઉદ્યોગ થકી રાજયમાં લાખો વ્યકિતઓ રોજગારી મેળવી રહ્યા છે

કોવિડ મહામારી બાદ આ ઉદ્યોગ ધીરે ધીરે બેઠો થયો પણ ૨૦૨૧–૨૨ બાદ નિકાસમાં સતત ઘટાડો થતો રહ્યો છે. ૨૦૧૯માં નિકાસ ૫૦ અબજ અમેરિકન ડોલરની હતી તે ૨૦૨૦માં ૪૫ અબજ, ૨૦૨૧માં ૪૦ અબજ, ૨૦૨૨માં ૩૫ અબજ અને ૨૦૨૩માં ઘટીને ૩૦ અબજ અમેરિકન ડોલર જેટલી થવા પામી આમ, હીરાની નિકાસમાં સતત થતો ઘટાડો અને ત્યારબાદ ૨૦૨૪ અને ચાલુ વર્ષ આર્થિક મંદી તેમજ યુકેન–રશિયા યુદ્ધ અને ઈઝરાયેલ–હમાસ–ઈરાન યુદ્ધને કારણે હીરા ઉદ્યોગ સતત કથળતો રહ્યો છે.

આનું સીધું પરિણામ રોજગારી પર આપ્યું છે

મહિને ૨૦ થી ૪૦ હજાર કમાતા હીરાના કારીગરોએ લેઓફ અને નાની શિફટમાં કામ કરવું પડે તેને કારણે તેમની આવક ખૂબ ઘટી છે અને પોતાના કુટુંબનું ભરણપોષણ તેમજ બાળકોના શિક્ષણ વિગેરેની જવાબદારી તેમને ભીંસી રહી છે.

(અ) અહેવાલો મુજબ ૩૦ થી ૫૦ ટકા જેટલો પગારકાપ વેઠવાનો આવ્યો છે.

(બ) સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત, ઓરિસ્સા અને યુપીથી આવેલા હીરાના કારીગરો પૂરતું કામ નહીં હોવાને કારણે વતન પાછા જઈ રહ્યા છે.

(ક) ૨૦૦૮ની મંદીમાં કામદારોએ જેવી તીવ્ર મુશ્કેલી વેઠી હતી લગભગ તેવી જ મુશ્કેલી અત્યારે વેઠી રહ્યા છે. કેટલાંક કારખાનાં બંધ થઈ ગયાં છે તો કેટલાંક માંડ માંડ ચાલે છે.

(ડ) સસ્તી જવેલરી તેમજ લેબગ્રોન ડાયમંડના આગમને એનો ભાગ ભજવ્યો છે. કારીગરોને વૈકલ્પિક રોજગારી તો મળી છે પણ રોજગારીના દર ઘણા ઘટી ગયા છે.

(ઈ) સુરતમાં ફૂડ, ટ્રાન્સપોર્ટ, ભાડાના મકાનો ખાલી રહેવા જેવી મંદીલક્ષી પરિસ્થિતિ કારીગરો માટે પડતા પર પાટુ મારવાનું કામ કરી રહી છે.

(ફ) આ કારીગરો એકવખતે પોતાના વતન પાછા જતા રહ્યા પછી સહેલાઈથી પાછા નહીં આવે એટલે પરિસ્થિતિ સુધરે તો કારીગરોની તંગી મોટો ભાગ ભજવશે.

અમેરિકા દ્વારા ટેરીફ : ભારતીય હીરા અને જવેલરી પર ૫૦ ટકા આયાત ડયુટી

અમેરિકા ભારતનું ડાયમંડ જવેલરી માટેનું તેમજ પોલીશ્ડ ડાયમંડ માટેનું મોટામાં મોટું બજાર છે. આશરે ૩૫ થી ૪૦ ટકા પોલીશ્ડ ડાયમંડ આ બજારમાં ખપે છે. આ સંયોગોમાં ૫૦ ટકા ટેરીફ (આયાત ડયુટી) ભારતીય ડાયમંડ તેમજ જવેલરીને ખૂબ મોંઘા બનાવે છે જેના પરિણામે થાઈલેન્ડ અને વિયેતનામ જેવા દેશો, જેમના ઉપર આયાત ડયૂટીના દર નીચા છે તે ફાવી જાય છે. આફ્રિકાના દેશો જયાં હીરાની રફનું ઉત્પાદન થાય છે તે હવે સીધા પોલીશ્ડ ડાયમંડના ધંધામાં પણ આવી રહ્યા છે. આમ એક બાજુ ભારતીય હીરા અને જવેલરી માટેનું બજાર સારૂં એવું સંકોચાઈ રહ્યું છે જેને પરિણામે અમેરિકા તરફથી મળતા ઓર્ડર ઘટી રહ્યા છે, જયારે કેટલાક જવેલરી ઉત્પાદકો દ્વારા પોતાનું ઉત્પાદન જે દેશો ઉપર અમેરિકામાં નીચી ડયુટી લાગતી હોય ત્યાં પણ ખસેડાઈ રહ્યું છે અને ખસેડાશે. આ માટે જયાં સુધી ભારત–અમેરિકા વચ્ચે ટ્રેડ એગ્રીમેન્ટ ન થાય ત્યાં સુધી પરિસ્થિતિ ધૂંધળી રહેશે. ડયુટી એકઝકશન ન મળે તો આગામી બે વર્ષમાં અમેરિકા દ્વારા ભારતીય ઉત્પાદકોના હીરા તેમજ જવેલરીની આયાતમાં ૩૦ થી ૪૦ ટકાનો ઘટાડો થશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડિસેમ્બર ૨૦૨૩માં આ પ્રકલ્પ 'સુરત ડાયમંડ બુર્સનું ઉદઘાટન કર્યું હતું. પેન્ટાગોન કરતાં પણ મોટું એવું આ વિનું સૌથી વિશાળ ઓફિસ બિલ્ડિંગ છે જેમાં ૬૭ લાખ ચોરસ ફિટ જેટલો કારપેટ એરિયા ઉપલબ્ધ છે. ભારત ડાયમંડ બુર્સ મુંબઈની માફક અહીંયાથી પણ એક જ જગ્યાએથી બધો વેપાર થાય તેમ જ આંતરરાષ્ટ્રીય ખરીદારો માટે વૈકિ ફલક પર સુરત ડાયમંડ બુર્સ એક મહત્વના કેન્દ્ર તરીકે ઉપસે તે ઉદ્દેશ ફળીભૂત થવા આડે અત્યારે મોટા અવરોધો દેખાય છે.

### ડાયમંડ નગરી સુરતમાં છેલ્લા ૨ વર્ષમાં ૭૫ રત્નકલાકારોએ આત્મહત્યા કરી લીધી

બજારમાં મંદી હોવાને કારણે ઘણી ઓફિસો ખાલી છે અને લગભગ નગણ્ય પ્રવૃત્તિ વિકસી છે. સુરત ડાયમંડ બુર્સના ટીકાકારો કહે છે કે એણે જે આશાઓ ઉભી કરી હતી તે પૂરી કરવામાં નિષ્ફળ ગયો છે.

**સુરત ડાયમંડ વર્કર્સ યુનિયનની માંગણીઓ**

હાલના સંયોગોમાં જયારે રાજય વિધાનસભાનું સત્ર મળી રહ્યું છે ત્યારે ગુજરાત ડાયમંડ વર્કર્સ યુનિયન દ્વારા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખને આવેદનપત્ર આપી હીરા ઉદ્યોગમાં કામ કરતાં રત્ન કલાકારોના પ્રશ્નોનો વિધાનસભામાં પડઘો પડે તેવી માંગણી કરી છે. તેમણે કરેલી રજૂઆતોના મુખ્ય મુદ્દા નીચે મુજબ છે:

(૧) હીરાઉદ્યોગમાં છેલ્લા ઘણા સમયથી મંદી છે જેની સીધી અસર હીરાઉદ્યોગમાં કામ કરતા રત્નકલાકારો ઉપર થઈ રહી છે જેના કારણે મોટી સંખ્યામાં રત્નકલાકારો બેરોજગાર બન્યા છે અને પગાર પણ ઘટીને અડધા થઈ ગયા છે સુરતમાં છેલ્લા બે વર્ષમાં અંદાજે ૭૫ રત્નકલાકારોએ આપઘાત કરી જીવન ટૂંકાવી લીધા છે

(૨) હજી પરિસ્થિતિ સુધરવાને બદલે વધારે બગડે તેવા સમાચારો સામે આવી રહ્યા છે કેમ કે અમેરિકાએ લગાવેલા ટેરિફની ગંભીર અસર હીરાઉદ્યોગ ઉપર પડશે કેમ કે આપણો તૈયાર હીરાનો સૌથી મોટો ખરીદદાર દેશ અમેરિકા જ છે. જો જાહેરાત મુજબ ૫૦% ટેરિફ લગાવવામાં આવે તો આપણા એકથી બે લાખ રત્નકલાકારો બેરોજગાર બનવાની આશંકા છે.

(૩) ઉપરોકત બાબતે કેન્દ્ર સરકારે હસ્તક્ષેપ કરવો જોઈએ અને ગુજરાત સરકારને અનેકવખત રજૂઆતો કરવા છતાં સરકારે રત્નકલાકારોની સતત અવગણના કરી છે. મુખ્યમંત્રી તથા શ્રમ રોજગાર મંત્રીને પણ રૂબરૂ રજૂઆત કરવા છતાં પણ રત્નકલાકારોની વાજબી માંગણીઓની અવગણના થઈ રહી છે જેના કારણે રત્નકલાકારો પાયમાલ થઈ રહ્યા છે.

(૪) હીરા ઉદ્યોગના બેરોજગાર રત્નકલાકારોના બાળકો માટે સરકારે ૧૩૫૦૦ રૂપિયાની શિક્ષણ ફી ભરવાની જાહેરાત કરી છે જેમાં અંદાજે ૧,૨૦,૦૦૦ (એક લાખ વીસ હજાર) બાળકોના ફોર્મ ભરાયા છે. તેમાં તાત્કાલીક ફી જમા કરવામાં આવે તે ખૂબ જરૂરી છે કેમ કે સ્કૂલોવાળા રત્નકલાકારો પાસેથી ફીની ઉઘરાણી કરી રહ્યા છે ત્યારે ઉપરોકત બાબતે યોગ્ય નિર્ણય લેવામાં આવે તે અત્યંત જરૂરી છે.

(૫) હીરા ઉદ્યોગના રત્નકલાકારોની નીચે જણાવ્યા મુજબની માંગણીઓ સરકારે તાત્કાલિક સ્વીકાર કરી તેનું નિરાકરણ કરવું જોઈએ એવી માંગણી છે.

(૧) રત્નકલાકાર કલ્યાણ બોર્ડ બનાવો., (૨) રત્નકલાકારો માટે આર્થિક પેકેજ જાહેર કરો., (૩) રત્નદિપ યોજના જાહેર કરો., (૪) વ્યવસાય વેરો નાબૂદ કરો., (૫) મોંઘવારી મુજબ પગાર વધારો કરો., (૬) આપઘાત કરતા રત્નકલાકારોના પરિવારોને મદદ કરો., (૭) હીરાઉદ્યોગમાં મજુર કાયદાનું પાલન કરાવો.

આ સમગ્ર મુદદે જયાં સુધી કેન્દ્ર સરકાર અમેરિકા સાથે સીધી વાટાઘાટો કરી ટેરીફના મુદ્દે કોઈ સમજૂતી પર ના આવે તો ૫૦ ટકા ટેરીફના કારણે સુરત તેમજ ગુજરાતના હીરા ઉદ્યોગ માટે ટકી રહેવું મુશ્કેલ બનશે. અને જો એવું થશે તો રત્ન કલાકારોના માથે બેરોજગારીનું મોટું સંકટ ઊભું થશે. છેલ્લા બે વર્ષમાં અંદાજે ૭૫ રત્ન કલાકારોએ આપઘાત કરી જીવન ટૂંકાવ્યું છે ત્યારે હવે મોટા પાયે ઘાતક પરિસ્થિતિનું નિર્માણ થાય તેવી શકયતા જોતા દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ધ્યાને આ વાત મૂકી કેન્દ્ર તેમજ રાજય સરકારે આ મોરચે યુદ્ધના ધોરણે કાર્યવાહી કરવી જોઈએ એવી રજૂઆત કરી છે.

### કોંગ્રેસની સરકારમાં બનેલ રત્નકલાકાર કલ્યાણ બોર્ડ પુનઃ શરૂ કરવું પણ જરૂરી

કોંગ્રેસની સરકારમાં ૧૯૯૨માં રત્નકલાકાર કલ્યાણ બોર્ડ બનાવેલું હતું. ત્યારબાદ ભાજપની સરકારે આ બોર્ડ બંધ કરી દીધેલું છે. જયારે ૨૦૦૮માં ભાજપની સરકારે રત્નદીપ કૌશલ્ય વર્ધક યોજનાની જાહેરાત કરી હતી અને મંદીમાં ૧૨૦૦ કરોડ રૂપિયાનો લાભ આપવાની વાત કરેલી પરંતુ હકીકતમાં માત્ર છ જ વ્યકિતઓને લાભ આપીને ૨૦૧૨માં આ રત્નદીપ કૌશલ્યવર્ધક યોજના સંપૂર્ણ બંધ કરી દીધી હતી. આમ હીરા ઉદ્યોગની સંપૂર્ણ અનદેખી કરવામાં આવી છે.

હીરાઉદ્યોગમાં કામ કરનારા કારીગરો એ શ્રમિકો છે અને શ્રમિકો પાસેથી કયારેય વ્યવસાય વેરો લઈ શકાય નહીં, આમ છતાં ભારતીય જનતા પાર્ટીની સરકાર શ્રમિકો પાસેથી વ્યવસાય વેરો લઈ રહી છે.

કોંગ્રેસ પક્ષ માંગણી કરે છે કે, (૧) જી–૭ના દેશોને સ્પષ્ટ રીતે પોતાનો એ નિર્ણય પરત ખેંચવા ભારત સરકાર મજબૂર બનાવે કે ભારતમાં બનેલો હીરો રશિયાની રફનો છે કે કઈ રફનો છે તે જોયા વગર તેમના દેશોમાં ખરીદી થઈ શકે. (૨) જે રત્નકલાકાર કારીગરોએ આત્મહત્યા કરી છે તેમના પરિવારને આર્થિક સહાય તરત જ આપવામાં આવે. (૩) વ્યવસાય વેરો જે રત્ન કલાકાર કારીગરો પાસેથી લેવામાં આવે છે તેને તાત્કાલિક બંધ કરવામાં આવે. (૪) રત્નકલાકાર કલ્યાણ બોર્ડ બનાવવામાં આવે અને જેમાં કામદારના પ્રતિનિધિઓ, કારખાનેદારના પ્રતિનિધિઓ તથા જનપ્રતિનિધિઓનો સમાવેશ કરી માતબર રકમ રત્નકલાકાર કલ્યાણ બોર્ડને ફાળવવામાં આવે. (૫) રત્નકલાકાર કારીગરોની નોંધણી કરવામાં આવે અને એમને મળવાપાત્ર ગ્રેજયુઈટી તથા અન્ય સુવિધાઓ અંગેની સરકાર દ્વારા ચિંતા કરવામાં આવે.

આ બધા જ મુદ્દે વિસ્તૃત વિગતો સહ દેશનાં પ્રધાનમંત્રીને પત્ર લખવામાં આવ્યો છે અને તાત્કાલિક અસરથી કાર્યવાહી કરાવવા વિનંતી કરી છે.

પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતના મીડીયા કન્વીનર અને પ્રવકતા ડો. મનિષ દોશી, મીડીયા કો–કન્વીનર અને પ્રવકતા હેમાંગ રાવલ અને પ્રવકતા ડો. હિરેન બેંકર ઉપસ્થિત રહ્યાં હતાં.

---

## ૪૦ કરોડની પ્રોપર્ટી ગીરવે મુકીને લોન લઈ

# અમરેલીનાં સહજ સીટીનાં માલીક સાથે છેતરપીંડી કરનાર આરોપી ઝડપાયો

### પોલીસે કોર્ટમાં રજુ કરતા ૧ દિ'નાં રિમાન્ડ મંજુર



અમરેલી, તા.૧૧

અમરેલી ખાતે આવેલ સહજસીટી નામની ૪૦ કરોડની કિંમતની પ્રોપર્ટી મુંબઈના વેપારી અભય લોઢા અને બીજા ૬ આરોપીઓએ ભેગા મળી કરશનભાઈ ખીમાભાઈ નસીત નામનાં વૃધ્ધને મુંબઈની બેંકમાંથી લોન કરાવી આપવાની લાલચ આપી, વિશ્વાસમાં લઈ તેમની અમરેલીની પ્રોપર્ટી મુંબઈ ખાતે ગીરવે મુકાવી લોનના પૈસા ન આપી વૃધ્ધ સાથે વિશ્વાસઘાત, છેતરપિંડી કરી ગુનો કરેલ હતો. આ બનાવ અંગે વર્ષે ૨૦૨૦માં સીઆઈડી ક્રાંઈમ બ્રાંચ ખાતે ગુનો દાખલ થયેલ હતો. જે પૈકી એક આરોપી રાજકુમાર સુરેશચંદ્ર ગોયલને અમરેલીની સી.આઈ.ડી. ક્રાંઈમ બ્રાંચના પી.આઈ. વી.એમ. કામલીયા અને સ્ટાફ દ્વારા દિલ્હી ખાતેથી ધરપકડ કરી અમરેલી લાવેલ હતા. અને આરોપીને અમરેલી કોર્ટમાં રજુ કરતા કોર્ટ આરોપીને દિન–૧ ના રિમાન્ડ ઉપર સોંપેલ હતા. ત્યાર બાદ આરોપીને જેલ હવાલે કરવામાં આવેલ છે.

---

## એસપીની સુચનાથી સ્થાનિક પોલીસની કામગીરી

# બાબરા : જીઆઈડીસીમાંથી ૧.૬૫ લાખનો કેબલ વાયર ચોરી કરનાર બે ઈસમો ઝડપાયા

### ગુન્હો બન્યાનાં ગણતરીનાં કલાકોમાં આરોપી ઝબ્બે



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૧

બાબરા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ એ.એમ. દેસાઈની સુચનાથી બાબરા ટાઉન નીલવડા રોડ જી.આઈ.ડી.સી. માંથી અજાણ્યો ચોર ઈસમો દ્વારા ફરિયાદીના ગોડાઉનમાંથી એલ્યુમિનીયમના વાયરો ચોરી કરી લઈ ગયેલ હોય જે ચોર ઈસમોને બાતમી આધારે ચોરીમાં ગયેલ મુદ્દામાલ સાથે શોધી કાઢી ધોરણસર અટક કરેલ છે.

આ કામે અજાણ્યા ચોર ઈસમોને તા. ૮/૯/૨૫ના કલાક ૧૨:૩૦ વાગ્યાથી ૯/૯/૨૫ કલાક ૧૫:૦૦ વાગ્યા સુધીના કોઈ પણ સમયે રાત્રી દરમ્યાન ફરિયાદીના બાબરા નીલવડા રોડ જી.આઈ.ડી.સી. નંબર ૨માં આવેલ ગોડાઉનની દિવાલ કુદી અંદર ઉતરી ગોડાઉનમાં રાખેલ એલ્યુમીનીયમ વાયરોની રીંગો જેનું વજન આશરે ૬૦ કીલો જેનો કિ.રૂા. ૧૫૦૦૦ તથા એલ.ટી.એ.બી.સી. કેબલના ત્રણ ડ્રમ જેની આશરે કિ.રૂા. ૧,૫૦,૦૦૦ ગણાય જે એલ્યુમીનીયમ વાયરો તથા એલ.ટી.એ.બી.સી. કેબલ કુલ કિં. રૂા. ૧,૬૫,૦૦૦ (એક લાખ પાસઠ હજાર)ની ચોરી કરીને ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કર્યો હતો. આ અંગે સમીરભાઈ યુનુસભાઈ અગવાન, દિલીપભાઈ ઉર્ફે સુરેશભાઈ પાટડીયાની અટકાયત કરવામાં આવી છે.

આ કામગીરી પો. ઈન્સ.ની સુચના અને માર્ગદર્શન હેઠળ બાબરા પોલીસ સ્ટેશન સર્વેલન્સ ટીમ તથા બાબરા પોલીસ સ્ટેશન ટીમ દ્વારા કરવામાં આવેલ છે.

---

## ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ રકમ મંજુર કરાવી

# અરે વાહ : લાઠીનાં દુધાળાબાઈ ગામથી સલડી માર્ગ ઉપર ૧.૫૦ કરોડનાં ખર્ચે પુલ બનશે

### સમસ્ત ગામજનો અને વાહન ચાલકોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧૧

લાઠી–દામનગર અને બાબરાના ધારાસભ્ય જનક તળાવિયાએ પોતાના મતવિસ્તારમાં વિકાસ કાર્યોને વેગ આપવા માટે એક વધુ મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. તેમણે લાઠીના દુધાળા બાઈથી સલડી જોડતા માર્ગ પર નવો પુલ બનાવવા માટે રૂ. ૧.૫૦ કરોડ મંજૂર કરાવ્યા છે. આ નિર્ણયથી આસપાસના ગ્રામજનોમાં ખુશીનો માહોલ છે અને તેઓએ ધારાસભ્ય અને ગુજરાત સરકારનો આભાર વ્યકત કર્યો છે.

ધારાસભ્ય તેમના મતવિસ્તારના લોકોની સુખાકારી માટે સતત પ્રયત્નશીલ રહે છે. તેઓએ તાલુકાના તમામ ગામડાઓમાં પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે સકારાત્મક પ્રયાસો કર્યા છે. તેમના પ્રયાસોથી રોડ–રસ્તા, શાળાઓ અને આરોગ્ય કેન્દ્રો વધુ આધુનિક બન્યા છે.

આ નવા પુલના નિર્માણથી દુધાળા બાઈ અને સલડી સહિત આસપાસના ગામડાઓના લોકોને અવરજવરમાં મોટી રાહત મળશે. ચોમાસા દરમિયાન આ માર્ગ પર પાણી ભરાવાને કારણે લોકોને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, જે હવે દૂર થશે.


**ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ**

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ – ૧૦, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી – ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**

મેડીકલેઇમ લેતી વખતે જો તમોને

(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ

જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.

કેશલેશની સગવડ

સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ

જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.

અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


---

## પાણીયા દેવ ગામનાં સરપંચની રજુઆત

# ધારીનાં ખારાપાટ વિસ્તારનાં ગામડાઓને કપાસનાં વાવેતરમાં થયેલ નુકસાનીનુ વળતર ચુકવો

### ધારાસભ્ય આંખ આડા કાન કરતાં હોવાનો આક્ષેપ

ચલાલા, તા.૧૧

ધારી તાલુકાના ખારાપટના વિસ્તારના ગામડાઓમાં માવઠાના ભારે કમોસમી વરસાદના કારણે કપાસના વાવેતરમાં ખેડૂતોને ભારે મોટી નુકસાની વેઠવી પડી હતી ત્યારે બીજા અનેક ગામોમાં સરકાર દ્વારા વળતરની ચુકવણી કરવામાં આવી રહી છે. ત્યારે ખારા પાટના વિસ્તારના ગામડાઓને અન્યાય શા માટે કરવામાં આવે છે. ધારી તાલુકાના પાણીયા દેવ ગામના સરપંચ અને સામાજિક આગેવાન ચંપૂભાઈ અનકભાઈ વાળાએ વધુમાં જણાવેલ છે કે સરકારએ ૨૦૨૪માં કપાસના પાકને માવઠાથી થયેલ નુકસાનીમાં કપાસના વાવેતરનો વિસ્તાર કેમ રાહત સહાય કે વળતર આપવામા કેમ બાકી રહી ગયો?

ખાસ કરીને ૯૫% આ ખારા પાટના વિસ્તારમાં જ કપાસનું વાવેતર થાય છે જેવા કે પાણીયાદેવ, નવાચરખા, જુના ચરખા, કેનાલપરા, ગરમલી ચરખા, કથીરવદર, કમી, કેરાળા, ઢોલરવા જેવા ગામોમાં માવઠાના કમોસમી ભારે વરસાદથી કપાસને ખૂબ જ નુકસાન થયેલ હતું તો બીજા ગામોને લાભ મળેલ છે અને આ ગામોને કેમ નહીં? ધારાસભ્ય જે.વી. કાકડિયા અમારા ગામો માટે કેમ અન્યાય અને આખ આડા કાન કરે છે. આ ગામોને હળાહળ અન્યાય થયો છે તો આ ગામના ખેડૂતો રજૂઆત કરવા માટે ધારાસભ્યને ફોન કરે છે પણ ધારાસભ્ય ફોન કેમ ઉપાડતા નથી તેવું ગામડાના ગ્રામજનો કહી રહ્યા છે વહેલી તકે અમારા ગામડા ઓને નુકસાની સહાય અને વળતર સરકાર દ્વારા મળે તેવી તમામ ગામડાના પીડિત ખેડૂતોની માગણી છે તેમ સરપંચ ચંપૂભાઈ વાળાએ જણાવેલ છે.

## અમરેલી જિલ્લાનાં હરિપુરા ગામની પ્રાથમિક શાળાનાં શિક્ષકનું પ્રેરણાદાયી કાર્ય

# વિદ્યાર્થીઓ સરળતાથી ઈંગ્લિશ શીખી શકે તે માટે માત્ર ૧૩૦ શબ્દોનો ચાર્ટ

**ઈંગ્લિશમાં રસ કેળવાય તે માટે આગવી રમતો અને ભણાવવાની નવિન પધ્ધતિથી વિદ્યાર્થીઓનો ભય દૂર**

**આજના આધુનિક યુગમાં ઈંગ્લિશ ભાષા સૌથી વધુ મહત્વની બની રહી છે**

**ગ્રામ્ય વિસ્તારથી લઈને શહેરોમાં પણ વધુમાં વધુ બાળકો ઈંગ્લિશ શીખવા તત્પર**

**એમ.એ., બી.એડ. સુધીનો અભ્યાસ કરનાર શિક્ષક હિમાંશુ જોષી શ્રેષ્ઠ શિક્ષક બન્યા**



આલેખનઃ રોહિત ઉસદડ

અમરેલી, તા.૧૧

મોટાભાગના વિદ્યાર્થીઓને અંગ્રેજી ભાષા શીખવાનો ભય સતાવતો રહે છે, તેમાંય ગ્રામીણ પરિવેશમાંથી આવતા વિદ્યાર્થીઓને વિશેષ. ઘણા વિદ્યાર્થીઓ નાસીપાસ પણ થયા હશે. પણ તેનો તોડ શોધી કાઢયો છે, અમરેલી જિલ્લાના એક શિક્ષકે. વિદ્યાર્થીઓને સરળતાથી ઈંગ્લિશ શીખી શકે તે માટે માત્ર ૧૩૦ શબ્દોનો એક ખાસ ચાર્ટ બનાવ્યો છે અને વિદ્યાર્થીઓની ઈંગ્લિશ ભાષામાં રસ રૂચિ કેળવાય તે માટે આગવી રમતો અને ભણાવવાની નવીન પદ્ધતિ વિકસાવી છે. આ શિક્ષક છે અમરેલી જિલ્લાની હરીપુરા પ્રાથમિક શાળામાં ફરજરત હિમાંશુ જોશી.

તેઓ માને છે કે, એક શિક્ષકનું કામ વિદ્યાર્થીઓને શીખવવા કરતા શીખવા માટે પ્રેરિત કરવાનું વધુ હોય છે. વર્ગખંડમાં શિક્ષક ઓછું અને વિદ્યાર્થી જાજુ કાર્ય કરે છે. આ સાથે જયારે ભાષા શીખવા સાથે નિસબત હોય ત્યારે ખાસ શિક્ષક ઓછું અને વિદ્યાર્થીઓ વધુ બોલે તો વર્ગખંડને જીવંતતા મળે છે.

તેમણે કહ્યું કે, વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષાનો ભય દૂર કરવા માટે પ્રથમ સેન્ટેન્સ બનાવવા માટે મહદ્‌અંશે જે શબ્દોનો ઉપયોગ થાય છે તેને અલગ તારવીને ૧૩૦ શબ્દોનો ચાર્ટ બનાવ્યો. આ શબ્દો પૈકી વિદ્યાર્થીઓને દરરોજ માત્ર બે જ શબ્દો પાકા કરવાના. જેથી તેમને વધુ બોજારૂપ ન લાગે.

આમ, ઈંગ્લિશ ભાષાનું એકદમ પ્રાથમિક જ્ઞાન મેળવ્યા બાદ અંગ્રેજી ભાષાના મૂળાક્ષરો ઉપયોગ આધારિત આગવી રમતો દ્વારા તેમનું શબ્દ ભંડોળ વધારવામાં પણ સફળતા મળી.

તેઓ ઉદાહરણ આપતા કહે છે કે, જો વિદ્યાર્થીઓને વર્ગખંડની બહાર વૃક્ષ નીચે બેસીને ભણાવવાતા હોય ત્યારે વૃક્ષના દરેક ભાગ એટલે કે, થડ, ડાળી, પાન, ફળ વગેરે માટે ઈંગ્લિશમાં જે શબ્દ પ્રયોજાતો હોય તેની જાણકારી આપવી. એટલે કે પ્રત્યક્ષ વસ્તુ નિહાળવાથી સરળતાથી વિદ્યાર્થીઓને યાદ પણ રહે છે.

આ રીતે શિક્ષણકાર્યથી વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષા પ્રત્યેનો ડર દૂર થયો છે, વિદ્યાર્થીઓ જાતે જ કહે છે કે, અંગ્રેજીની ગેમ્સ રમીએ, કાળ વચ્ચેનો તફાવત સમજતા થયા છે. શિષ્ટ શબ્દો બોલવાની સાથે તેમના ભાષા કૌશલમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે.

તેમણે કહ્યું કે, ગુજરાત સરકાર પણ આ પ્રકારના એકિટવિટી બેઈઝડ શિક્ષણ પર ભાર આપી રહી છે. તાજેતરમાં જ બેગલેસ ડેની શરૂઆતથી આનંદ ઉમંગ બેવડાયો છે. જેથી શાળાકીય વાતાવરણ બદલાયું છે.

એમ.એ.,બી.એડ. સુધીનો અભ્યાસ કરેલા શિક્ષક હિમાંશુ જોષી એમ પણ કહે છે કે, વિદ્યાર્થીઓને શિક્ષકનો ભય ન લાગવો જોઈએ અને ખાસ વિદ્યાર્થીઓના પ્રશ્નો ન દબાય તેની પણ વિશેષ કાળજી રાખવી જોઈએ. ખરા અર્થમાં પ્રશ્નોથી જ જ્ઞાન અર્જન સિદ્ધ થતું હોય છે.

શિક્ષક હિમાંશુ જોશીને ઈંગ્લિશ શીખવા માટેના આ ક્રિયાત્મક સંશોધન માટે તાજેતરમાં પાંચમી સપ્ટેમ્બરે રાષ્ટ્રીય શિક્ષક દિવસની ઉજવણીના પ્રસંગે અમરેલી તાલુકાના શ્રેષ્ઠ શિક્ષકના સન્માનથી પણ નવાજવામાં આવ્યાં છે.


જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે.નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, પટેલ બોર્ડીંગનાં ગેઈટની પાસે, અમરેલી.
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

શું તમારે દિવાળીમાં ગ્રાહકોને ભેટ આપવા વિચાર્યુ છે ?
તો આજે જ ઘનશ્યામ આર્ટની મુલાકાત લ્યો ...
ત્યાં તમને જોવા મળશે વિવિધ પ્રકારનાં ■ કેલેન્ડર ■ ૩૦૦ ઉપરાંત ડીઝાઈનની કિ-ચેઈન ■ ૩.૫ થી ૫૦ રૂપિયાની પ્રિન્ટ સાથે બોલપેન ■ મની પર્સ અવનવી વેરાયટી ચેક બુક, ATM કાર્ડ કવર ■ મોબાઈલ સ્ટેન્ડ ■ પેપર વેઈટ વગેરે અઢળક વેરાયટી માટે સંપર્ક કરો...
ઘનશ્યામ આર્ટ
કનુભાઈ જોષી
Mo.94287 95274
Mo.93285 98100
૭, વંદના શોપિંગ, એસ.ટી.ડેપો, અમરેલી.

શું તમને સાંભળવાની તકલીફ છે ?
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

લોકલ ફોર વોકલ || જય પરશુરામ || સુવિધા સાથે વિવિધતા
મહાજન પાર્ટી પ્લોટ
ઉપલબ્ધ સુવિધાઓ
7 રૂમ (2 એ.સી. રૂમ)
6000 ચો.ફુ. જગ્યા
CCTV કેમેરાથી સજ્જ
પાર્કિંગની વ્યવસ્થા
ફ્રી વાઈ-ફાઈ સુવિધા
સરાઉન્ડ સાઉન્ડ સુવિધા
1200 ચોરસ ફૂટ પ્રસંગો માટે સુશોભીત હોલ
મંડપ, માઈક, લાઈટ, ઈવેન્ટ અને કેટરીંગની સુવિધા
12 L.E.D. ફ્લડ લાઈટથી સુસજ્જ ગ્રાઉન્ડ
હાર્દિક ત્રીવેદી
94 285 61 601
શ્યામ ટીવીએસ પાછળ, સ્ટેશન રોડ, અમરેલી.

Hero
નવરાત્રી પ્રી-બુકિંગ ઑફર્સ
ઘરે લઈ આવો હીરો
બુકિંગ શરૂ ₹5100* થી
વધારાનું કેશ ડિસ્કાઉન્ટ ₹1000*
*T&C APPLY
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

Shreeji HOSPITAL
ડો. કાજલ બગડા
M.S.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
- હરસ, મસા, ભગંદર અને ફિસરની આયુર્વેદ અને આધુનિક પદ્ધતિથી રાહતદરે ઓપરેશનની સુવિધા
- લાંબા સમયથી રૂજાતા-ઘા, નાડીવ્રણ અને કપાસી વગેરેમાં ક્ષારકર્મ, અગ્નિકર્મ અને જલોકા દ્વારા સારવાર
- કાનની બુટ સાંધવામાં આવશે, ઈન્ફેકશનનાં કારણે પરૂ ભરાવું અકસ્માતથી થયેલા ઈજાની સારવાર
- સ્તનની ગાંઠ અને શરીરના કોઈપણ ભાગમાં થયેલી ચરબીની ગાંઠની સારવાર
સ્થળ : ભીડભંજન મંદિરની પાસે, રાજકમલ ચોક, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com

|| વંદે માતરમ્ ||
YAMAHA Revs Your Heart
જીજ્ઞેશ એજન્સી
YES! YAMAHA
Make an Impression fascino 125 Fi
SHANDAAR DUMDAAR MILEDAAR
It's fascino yaar
ટેસ્ટ ડ્રાઈવ લેવા માટે આજે જ પધારો
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

GST DEDUCTION OFFER
તારીખ 22/09/2025 થી GST ઘટવાનો હોવાથી દરેક વાહન પર અંદાજીત
₹ 6000 /-*
સુધીનો ફાયદો મળશે
સ્ટોક લિમિટેડ હોવાથી ફૂલ પેમેન્ટથી બૂકિંગ કરી લેવું
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

પિતૃઓના શ્રાદ્ધ નિમિત્તે...
- શુદ્ધ ઘીમાં મોહનથાળ...
- શુદ્ધ ઘીમાં બુંદી...
- શુદ્ધ ઘીમાં મગીયા લાડું...
- વાટીદાળનાં ખમણ-પાત્રા...
માટે ઓર્ડર બુક કરાવો...
શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે. મસાલેદાર વાટીદાળના ખમણ હાજરમાં મળશે. ખજૂરની ચટણી સાથે...
શુદ્ધ ઘીમાં મઘમઘતાં... ચુરમાના લાડુ
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલ.

### આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રના રાજ્યપાલની જવાબદારી

# ગુજરાતના રાજ્યપાલને મહારાષ્ટ્રના રાજ્યપાલનો વધારાનો કાર્યભાર સોંપાયો

## મહારાષ્ટ્રના રાજ્યપાલ સી.પી રાધાકૃષ્ણન ઉપરાષ્ટ્રપતિ બનતા મહારાષ્ટ્રના રાજ્યપાલનું પદ ખાલી પડ્યું હતું

ગાંધીનગર, તા.૧૧

ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતને મહારાષ્ટ્રના રાજ્યપાલનો વધારાનો કાર્યભાર સોંપવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના વર્તમાન રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણન ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાતા આ પદ ખાલી પડ્યું હતું, જેના કારણે કેન્દ્ર સરકારે આ નિર્ણય લીધો છે.

આ નિર્ણય રાષ્ટ્રપતિ ભવન દ્વારા જાહેર કરવામાં આવ્યો છે. આચાર્ય દેવવ્રત હવે ગુજરાત અને મહારાષ્ટ્ર બંને રાજ્યોના રાજ્યપાલ તરીકેની જવાબદારી સંભાળશે. આ વધારાની જવાબદારી તેમને નવીન નિયુક્તિ ન



થાય ત્યાં સુધી સોંપવામાં આવી છે. સી. પી. રાધાકૃષ્ણન જેમણે થોડા સમય પહેલાં જ મહારાષ્ટ્રના રાજ્યપાલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો, તેઓ ભારતના નવા ઉપરાષ્ટ્રપતિ બન્યા છે. તેમના આ મહત્વપૂર્ણ પદ પર ચૂંટાયા બાદ મહારાષ્ટ્રના રાજ્યપાલનું પદ ખાલી પડ્યું હતું.

આચાર્ય દેવવ્રત ગુજરાતમાં તેમની લોકપ્રિયતા અને કુશળ વહીવટ માટે જાણીતા છે. તેમણે ગુજરાતના રાજ્યપાલ તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ અનેક જનહિતલક્ષી કાર્યો અને પહેલ કરી છે. તેમના આ અનુભવને ધ્યાનમાં રાખીને તેમને મહારાષ્ટ્ર જેવા મોટા રાજ્યનો વધારાનો કાર્યભાર સોંપાયો છે. આ નિર્ણય ગુજરાત અને મહારાષ્ટ્ર બંને રાજ્યો માટે એક મહત્વપૂર્ણ ઘટના છે.

### રાહુલ ગાંધી ગુજરાત પ્રવાસે

# ગુજરાત કોંગ્રેસના જિલ્લા પ્રમુખોને રાહુલ ગાંધી શીખવશે નેતાગીરીના પાઠ

## લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી જૂનાગઢમાં ચાલી રહેલ કોંગ્રેસના જિલ્લા પ્રમુખોના ટ્રેનિંગ કેમ્પમાં ઉપસ્થિત રહેશે

જૂનાગઢ, તા.૧૧

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી આવતીકાલે ગુજરાતની મુલાકાત લેવાના છે. તેઓ જૂનાગઢમાં ચાલી રહેલા કોંગ્રેસના જિલ્લા પ્રમુખોના પ્રશિક્ષણ શિબિરમાં હાજરી આપશે અને તેમને નેતૃત્વ અને સંગઠનના પાઠ ભણાવશે. આ પ્રવાસ દરમિયાન, રાહુલ ગાંધી બપોરે ૧ કલાકે કેશોદ એરપોર્ટ પર ઉતરશે. ત્યાંથી તેઓ સીધા જૂનાગઢ જશે, જ્યાં કોંગ્રેસના જિલ્લા પ્રમુખો માટે ૧૦ દિવસીય ટ્રેનિંગ કેમ્પ ચાલી રહ્યો છે. આ શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી સમયમાં પાર્ટીને વધુ મજબૂત



બનાવવાનો છે. રાહુલ ગાંધી અગાઉ પણ આવા પ્રશિક્ષણ કાર્યક્રમોમાં ભાગ લઈ ચૂક્યા છે.

ટ્રેનિંગ કેમ્પમાં રાહુલ ગાંધી જિલ્લા પ્રમુખોને વર્તમાન રાજકીય પરિસ્થિતિઓ, જનતા સુધી પહોંચવાના ઉપાયો અને સંગઠનને તળિયાના સ્તરે કેવી રીતે મજબૂત કરવું તે અંગે માર્ગદર્શન આપશે. તેમના આ માર્ગદર્શનથી કોંગ્રેસના કાર્યકરોમાં નવો ઉત્સાહ અને જોમ ઊભો થવાની સંભાવના છે.જૂનાગઢમાં કાર્યક્રમ પૂરો થયા બાદ તેઓ સાંજે પોરબંદરથી દિલ્હી પરત ફરશે. રાહુલ ગાંધીની આ મુલાકાત ગુજરાત કોંગ્રેસ માટે એક મહત્વપૂર્ણ ઘટના છે, જે પાર્ટીની ભાવિ વ્યૂહરચના માટે દિશા નિર્ધારિત કરી શકે છે.

### જાણ કર્યા વિના વિદેશ પ્રવાસથી CRPF પરેશાન!

# CRPFએ રાહુલ ગાંધીના અનિશ્ચિત વિદેશ પ્રવાસ સામે વાંધો ઊઠાવ્યો

## સુરક્ષા પ્રોટોકોલ તોડવા બદલ તેમને પત્ર લખવામાં આવ્યો છે : પત્ર CRPFના VVIP સુરક્ષા વડા દ્વારા જાહેર કર્યો છે

નવી દિલ્હી, તા.૧૧

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (CRPF)એ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના અનિશ્ચિત વિદેશ પ્રવાસો સામે વાંધો ઊઠાવ્યો છે. સુરક્ષા પ્રોટોકોલ તોડવા બદલ તેમને પત્ર લખવામાં આવ્યો છે. આ પત્ર CRPFના VVIP સુરક્ષા વડા દ્વારા જાહેર કર્યો છે અને તેની એક નકલ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને પણ મોકલવામાં આવી છે. આ પત્ર ૧૦મી સપ્ટેમ્બરના રોજ જાહેર કરવામાં આવ્યો હતો. જેમાં લખવામાં આવ્યું છે કે, રાહુલ ગાંધી સતત તેમની સુરક્ષા ટીમ દ્વારા નક્કી કરાયેલા સુરક્ષા ધોરણોનું પાલન કરી રહ્યા નથી.

અહેવાલો અનુસાર, વીવીઆઈપી સુરક્ષા વડાએ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીના સુરક્ષા પ્રત્યેના વલણ પર પણ સવાલ ઊઠાવ્યા છે. તેમણે પત્ર લખ્યો છે કે, રાહુલ ગાંધી સતત તેમની સુરક્ષા ટીમ દ્વારા નક્કી કરાયેલા સુરક્ષા ધોરણોનું પાલન કરી રહ્યા નથી.

નોંધનીય છે કે, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને 'Z' પ્લસ શ્રેણીની સુરક્ષા આપવામાં આવી છે, જેમાં એડવાન્સ સિક્યુરિટી લાયઝન (ASL) કવર પણ શામેલ છે. આ દેશની સર્વોચ્ચ સુરક્ષા શ્રેણીઓમાંની એક છે, જેમાં મોટી સંખ્યામાં CRPF જવાનો હંમેશા સુરક્ષા માટે તહેનાત રહે છે.

બિહારમાં વોટર અધિકાર યાત્રા પૂર્ણ કર્યા પછી કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી અચાનક વિદેશ પ્રવાસે ગયા હતા. તેમની કેટલીક તસવીરો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વાઈરલ થઈ રહી હતી. જો કે, તે ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ભાગ લેવા માટે ભારત પરત ફર્યા છે અને પાર્ટીના કાર્યક્રમમાં હાજરી આપી રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, બિહાર યાત્ર દરમિયાન એક અજાણ્યા વ્યક્તિએ અચાનક રાહુલ ગાંધીજીને ગળે લગાવ્યા હતા. રાહુલ ગાંધી પણ આ ઘટનાથી ક્ષણિક રીતે ચોંકી ગયા હતા. આ ઘટના પૂર્ણિયા જિલ્લામાં બની હતી, જ્યાંથી રાહુલ ગાંધી દિવસના તેમના છેલ્લા સ્ટોપ, અરરિયા માટે મોટરસાઈકલ પર નીકળ્યા હતા. આરજેડી નેતા તેજસ્વી યાદવ સહિત મોટી સંખ્યામાં બાઈકર્સ રાહુલ ગાંધી સાથે હતા.

### RBI લાવી રહી છે નવો નિયમ

# લોન નહીં ચૂકવો તો તમારો ફોન લોક થઈ જશે!

## ગ્રાહક અધિકારોની ચિંતાઓ વધવાની સંભાવના છે

નવી દિલ્હી, તા.૧૧

Reserve Bank of India એ ધિરાણકર્તા એટલે કે લોન આપનારની તાકાત વધારવા માટે એક નવો નિયમ બનાવવાની યોજના બનાવી છે. આરબીઆઈનો નિયમ લાગૂ થયા બાદ જે લોકો લોન ચુકવવામાં અસમર્થ હશે તે લોકોના ફોનને ધિરાણકર્તા દૂરથી લોક કરી શકશે. કુલ મળી જોવામાં આવે તો RBI નો આ નિયમ લાગૂ થયા બાદ ધિરાણકર્તાનો પાવર વધશે. પરંતુ તેનાથી ગ્રાહક અધિકારોની ચિંતાઓ વધવાની સંભાવના છે. ૨૦૨૪ માં હોમ ક્રેડિટ ફાઈનાન્સ દ્વારા હાથ ધરવામાં આવેલા એક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે મોબાઈલ ફોન જેવા ત્રીજા ભાગથી વધુ ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સ લોન પર ખરીદવામાં આવે છે. ટેલિકોમ નિયમનકાર અનુસાર, ૧.૪ અબજથી વધુ વસ્તી ધરાવતા દેશમાં ૧.૧૬ અબજથી વધુ મોબાઈલ કનેક્શન છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ગયા વર્ષે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ ધિરાણકર્તાઓને ડિફોલ્ટર દેવાદારોના ફોન લોક કરવાનું બંધ કરવા કહ્યું હતું. લોન આપતી વખતે ધિરાણકર્તાઓના ફોન પર ડિવાઈસ લોક કરવા માટે એક એપ ઈન્સ્ટોલ કરવામાં આવશે. ધિરાણકર્તાઓ સાથે ચર્ચા કર્યા પછી, RBI આગામી થોડા મહિનામાં ફેર પ્રેક્ટિસ કોડ અપડેટ કરવા સાથે ફોન-લોકિંગ મિકેનિઝમ પર માર્ગદર્શિકા જારી કરી શકે છે.

આરબીઆઈ બે વાતોની ખાતરી કરવા ઈચ્છે છે, પ્રથમ તો ધિરાણકર્તા ફોનને લોક કરી લોનના પૈસા રિકવર કરી શકે અને બીજું કે ગ્રાહકોનો ડેટા પણ સુરક્ષિત રાખવામાં આવે. ઈકોનોમિટ ટાઈમ્સના રિપોર્ટ પ્રમાણે આરબીઆઈના પ્રવક્તાએ હાલ આ મામલામાં કોઈ જવાબ આપ્યો નથી. જો આરબીઆઈનો આ નિયમ લાગૂ થયો તો તેનાથી કંઝ્યુમર પ્રોડક્ટ્સ માટે લોન આરનારી કંપનીઓ જેમ કે બજાજ ફાઈનાન્સ, ડીએમઆઈ ફાઈનાન્લ અને ચોલમાંડલમ ફાઈનાન્સને લાભ પહોંચી શકે છે, જેનાથી રિકવરીની તક વધી શકે છે. ક્રેડિટ બ્યુરો CRIF હાઈમાર્ક અનુસાર ૧૦૦,૦૦૦ રૂપિયાથી નીચેની લોન ડિફોલ્ટના રૂપમાં વધુ જોખમ ભરેલાં છે.

### અધિકારીઓને ECIનો નિર્દેશ!

# દેશમાં ઓક્ટોબરથી મતદારોનું વેરિફિકેશન શરૂ થવાની શક્યતા

## આ દેશવ્યાપી પ્રક્રિયાને શરૂ કરતા પહેલા ચૂંટણી પંચે તમામ રાજ્યોની સાથે ચર્ચા વિચારણા શરૂ કરી છે

નવી દિલ્હી, તા.૧૧

બિહારની જેમ હવે સમગ્ર દેશમાં મતદારોનું વેરિફિકેશન કરવામાં આવશે. આ દેશવ્યાપી પ્રક્રિયાને શરૂ કરતા પહેલા ચૂંટણી પંચે તમામ રાજ્યોની સાથે ચર્ચા વિચારણા શરૂ કરી છે. સમગ્ર દેશમાં મતદારોનું વેરિફિકેશન કરવા માટેની પ્રક્રિયામાં બિહારમાં હાથ ધરાયેલા વેરિફિકેશનનો અનુભવ ઉપયોગમાં લેવાશે. એવા અહેવાલો છે કે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના અધિકારીઓ સાથેની બેઠકમાં દેશવ્યાપી પ્રક્રિયા માટે સંમતિ બની છે. બિહાર વિધાનસભાની ચૂંટણી પૂર્ણ થાય તે પહેલા જ દેશવ્યાપી એસઆઈઆર (મતદાર વેરિફિકેશન) ની જાહેરાત કરવામાં આવી શકે છે. જોકે આ પ્રક્રિયા ક્યારથી શરૂ કરવામાં આવશે તે અંગે કોઈ ચોક્કસ તારીખ નક્કી કરવામાં આવી નથી. અંતિમ તારીખ ત્યારે જ નક્કી થઈ શકે જ્યારે તમામ રાજ્યોના સીઈઓ પોતાનો રિપોર્ટ ચૂંટણી પંચને સોંપશે. ચૂંટણી પંચનો એવો દાવો છે કે આ સમગ્ર પ્રક્રિયાથી મતદારોની યાદી અપડેટ થઈ જશે સાથે જ પારદર્શિતા અને ચૂંટણી પ્રક્રિયા પ્રત્યે લોકોનો વિશ્વાસ વધુ મજબૂત થશે.

બિહારમાં મતદારોનું વેરિફિકેશન કરવામાં આવ્યું તેમાં ૬૫ લાખ જેટલા મતદારોનો નવા ડ્રાફ્ટમાં સમાવેશ નથી થયો, જોકે તેમને પોતાનો જવાબ રજુ કરવાની તક આપવામાં આવી છે. જોકે બિહારની પ્રક્રિયામાં આધાર કાર્ડનો સમાવેશ કરવા સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યો હતો, જેને પગલે હવે ચૂંટણી પંચે આધાર કાર્ડને ૧૨માં દસ્તાવેજ તરીકે સ્વીકારવા રાજ્યના તમામ ચૂંટણી અધિકારીઓને આદેશ આપ્યો હતો. સાથે એવી સ્પષ્ટતા પણ કરી છે કે આધાર કાર્ડ ઓળખનો પુરાવો ગણાશે નાગરિકતાનો નહીં. સુપ્રીમ કોર્ટે પણ પોતાના આદેશમાં આ સ્પષ્ટતા કરી હતી.

બીજી તરફ સમગ્ર દેશમાં બિહારની જેમ મતદારોનું વેરિફિકેશન કરવાની પ્રક્રિયા ક્યારે શરૂ થશે તેને લઈને કોઈ તારીખ જાહેર કરવામાં નથી આવી પરંતુ એવા અહેવાલો છે કે આ પ્રક્રિયા ઓક્ટોબર મહિનાથી શરૂ કરવામાં આવી શકે છે. એવા અહેવાલો છે કે ચૂંટણી પંચે તમામ રાજ્યોના સીઈઓને કહ્યું છે કે તેઓ ૩૦મી સપ્ટેમ્બર સુધીમાં તમામ દસ્તાવેજી કાર્યવાહી અને અન્ય તૈયારીઓ પૂર્ણ કરી લે. મોટાભાગના રાજ્યોએ પણ આ અંગે સંમતિ દર્શાવી હોવાના અહેવાલો છે.

### પંજાબના પૂરગ્રસ્તોની વહારે આવ્યું ગુજરાત

# પંજાબના અસરગ્રસ્તો માટે ૭૦૦ ટનથી વધુની સહાય મોકલવામાં આવી

## ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પૂરગ્રસ્ત લોકોની મદદ માટે તાત્કાલિક રાહત સામગ્રી મોકલી આપી છે

ગાંધીનગર, તા.૧૧

ગુજરાત હંમેશા મુશ્કેલીના સમયમાં અન્ય રાજ્યોની પડખે ઊભું રહ્યું છે. આ વખતે પણ પંજાબમાં આવેલા ભયાનક પૂરને કારણે સર્જાયેલી ગંભીર પરિસ્થિતિમાં ગુજરાત સરકારે માનવતાનો ધર્મ નિભાવીને મોટી મદદ કરી છે.

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર રેલવે સ્ટેશનથી પંજાબ માટે એક વિશેષ ટ્રેનને લીલીઝંડી આપી હતી. આ ટ્રેનમાં ૭૦૦ ટનથી પણ વધુ જીવનજરૂરી ચીજવસ્તુઓ ભરીને મોકલવામાં આવી છે. આ સહાયમાં મુખ્યત્વે ખાદ્ય સામગ્રીના પેકેટ્સ, કપડાં, દવાઓ અને અન્ય આવશ્યક વસ્તુઓનો સમાવેશ થાય છે. આ સામગ્રી પૂરથી પ્રભાવિત હજારો પરિવારો માટે અત્યંત જરૂરી છે. આ ટ્રેનમાં પંજાબના લગભગ ૨૦,૦૦૦ પૂરગ્રસ્ત લોકો માટે ખાસ રાહત કિટ્સ મોકલવામાં આવી છે. આ કિટ્સમાં જીવનજરૂરી ચીજવસ્તુઓ, ઘર વખરીનો સામાન, અને ફૂડ પેકેટ્સનો સમાવેશ થાય છે. આ સામગ્રીઓ પૂરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક મદદ પૂરી પાડશે અને તેમને આ મુશ્કેલ સમયમાં રાહત આપશે. સહાય સામગ્રીની સાથે, મુખ્યમંત્રીએ પંજાબ સરકારને ?૫ કરોડનો પૂર રાહતનો ચેક પણ આપ્યો છે. આર્થિક મદદ પૂરગ્રસ્ત વિસ્તારોમાં પુનર્વસન અને રાહત કાર્યોમાં ખૂબ ઉપયોગી થશે. આ રાહત કાર્ય પંજાબના પૂરપીડિતોને આશા અને હૂંફ આપશે. આ પ્રકારની સહાયથી બંને રાજ્યો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પહેલ કરીને દર્શાવ્યું છે કે ગુજરાત હંમેશા અન્ય રાજ્યોની પડખે ઊભું રહે છે. આ ઘટના ફરી એકવાર ભારતની એકતા અને ભાઈચારાની ભાવનાને ઉજાગર કરે છે, જ્યાં એક રાજ્ય બીજા રાજ્યની મદદ માટે વિના સંકોચે આગળ આવે છે.

મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ, ગુજરાતની પ્રજા અને સરકાર ભારતમાં ગમે ત્યાં આફત આવે ત્યારે મદદ કરવા માટે હંમેશા ઉત્સુક હોય છે. તેમણે વધુમાં જણાવ્યું કે આ ટ્રેન મારફતે ૧૧ વેગનમાં ઘઉંથી માંડીને કપડાં સુધીની તમામ જરૂરી વસ્તુઓ મોકલવામાં આવી છે. આ ટ્રેન સાથે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ પણ રવાના થયા છે જેઓ ત્યાં રાહત કાર્યમાં મદદ કરશે.

ગુજરાત સરકારે માત્ર પંજાબ જ નહીં, પરંતુ અન્ય રાજ્યોની આપત્તિમાં પણ મદદ કરી છે. મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે હાલમાં જ બનાસકાંઠામાં આવેલા પૂર બાદ મંત્રી જગદીશભાઈ ત્યાં પહોંચી ગયા છે અને મુખ્યમંત્રી પણ બપોરે નિરીક્ષણ માટે પહોંચી રહ્યા છે. ત્યાં પણ પૂરગ્રસ્તોને મદદ માટેની વસ્તુઓ મોકલવામાં આવી છે. આ ઉપરાંત, છત્તીસગઢ માટે પણ લગભગ ૮,૦૦૦ જેટલી કિટ્સ તૈયાર કરીને મોકલવામાં આવી છે, જેમાં પૂર પછી સામાન્ય રીતે જરૂર પડતી તમામ વસ્તુઓનો સમાવેશ થાય છે.

### કાજોલના ખાતે અનેક સફળ અને બ્લોકબસ્ટર હિટ ફિલ્મો બોલે છે

# ફિલ્મ હિટ રહે કે ફ્લોપ, પણ હું મારી દરેક ફિલ્મની સંપૂર્ણ જવાબદારી લઉં છું: કાજોલ

## કેમેરા સામે મોટા ભાગનું જીવન વિતાવનાર કાજોલ કહે છે, ત્રણ દાયકા લાંબી કારકિર્દી માટે ફિલ્મોની ઋણી છે

મુંબઈ, તા.૧૧

કાજોલના ખાતે અનેક સફળ અને બ્લોકબસ્ટર હિટ ફિલ્મો બોલે છે. તેની ફિલ્મી સફર ઘણી લાંબી રહી છે. ત્યારે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં કાજોલે કહ્યું કે તે પોતાની દરેક ફિલ્મની સંપૂર્ણ અને પુરેપુરી જવાબદારી લે છે, પછી તે ડીડીએલ જેવી મોટી હિટ હોય કે પછી કોઈ 'ગુંડારાજ' કે 'હલચલ' જેવી સમયાંતરે ભુલાઈ ગયેલી ફિલ્મ. ૧૯૯૨માં 'બેખુદી' ફિલ્મથી ઈન્ડસ્ટ્રીમાં ડેબ્યુ કરનારી કાજોલે તાજેતરમાં પીટીઆઈના ઈન્ટરવ્યુમાં આ અંગે વાત કરી હતી. તેણે કહ્યું, "હું તેમાં એક પણ ફેરફાર કરવા માગતી નથી."કોઈ પણ કલાકારને તેની સફળ ફિલ્મ માટે ગૌરવ હોય છે,

પરંતુ કાજોલ કહે છે કે તેની બોક્સ ઓફિસ પર ખાસ ન ચાલેલી ફિલ્મ અંગે પણ ગૌરવ અનુભવે છે. કાજોલે કહ્યું, "મને લાગે છે કે અત્યાર સુધીમાં મેં કરેલી લગભગ દરેક ફિલ્મનો મારી કેરિઅરમાં મોટો ફાળો ધરાવે છે. મારા માટે અંગત રીતે, હું તેની જવાબદારી લઉં છું. હું તેમના પુરેપુરી અને દરેક બાબતની જવાબદારી લઉં છું, હું મારી દરેકે દરેક ફિલ્મ માટે સંપુર્ણ જવાબદારી લઉં છું. તેમાં શ્રેય મળે કે નામોશી, એ મારી છે."જેમ સફળતા આવે એમ નિષ્ફળતા પણ આવે છે, જેમકે ૧૯૯૫માં કાજોલની 'કરણ અર્જુન' અને 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' આવેલી જે ખૂબ સફળ રહેલી પરંતુ, સામે 'તાકાત', 'હલચલ' અને 'ગુંડારાજ' બિલકુલ ચાલી નહોતી. કાજોલ આ અંગે કહે છે, "જો એ નહોતી ચાલી તો, એ ટિકિટની દૃષ્ટિએ સારી નહીં ચાલી હોય. પરંતુ હા, તેમાંથી હું ઘણું શીખી હતી. મેં દરેક રીતે મારું શ્રેષ્ઠ આપવાની કોશિષ કરી હતી. "કેમેરા સામે મોટા ભાગનું જીવન વિતાવનાર કાજોલ કહે છે, ત્રણ દાયકા લાંબી કારકિર્દી માટે ફ્ન્જ ફિલ્મોની ઋણી છે. હવે તેની વેબ સિરીઝ 'ધ ટ્રાયલ'ની બીજી સીઝન આવી રહી છે. ત્યારે કાજોલે કહ્યું, "હું ઋણી છું કે, હું આ ઉંમરે પણ પહેલાં જેટલી જ પ્રસ્તુત રહી શકું છું. મારામાં ટેલેન્ટ છે, પરંતુ ઘણાં લોકો ટેલેન્ટ હોવા છતાં મારા જેવા નસીબદાર નથી હોતાં."

### AAP સાંસદ સંજય સિંહ હાઉસ એરેસ્ટ

# સંજય સિંહ હાઉસ ગેટ ઉપર ચઢીને ફારુક અબ્દુલ્લાને મળ્યા

## ઇમરાન હુસૈનને પણ સંજય સિંહ સાથે નજરકેદ કરાયા

શ્રીનગર, તા.૧૧

જમ્મુ અને કાશ્મીરના ડોડાથી આમ આદમી પાર્ટી (AAP) ના ધારાસભ્ય મેહરાજ મલિકની અટકાયત સામે પાર્ટી આક્રમક બની છે. AAP ના રાજ્યસભા સાંસદ સંજય સિંહ એકતા દર્શાવવા શ્રીનગર પહોંચ્યા છે. આ દરમિયાન, AAP એ દાવો કર્યો છે કે સંજય સિંહને જમ્મુ અને કાશ્મીરમાં નજરકેદ કરવામાં આવ્યા છે. જમ્મુ અને કાશ્મીર પોલીસે ગેટને બહારથી બંધ કરી દીધો. આ પછી, નેશનલ કોન્ફરન્સના વડા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લા તેમને મળવા પહોંચ્યા. અહીં સંજય સિંહ ગેટ પર ચઢી ગયા અને અબ્દુલ્લા સાથે વાત કરી. સંજય સિંહે ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, "ખૂબ જ દુઃખદ છે કે ડૉ. ફારુક અબ્દુલ્લા, જે ઘણી વખત જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી રહ્યા છે, પોલીસ દ્વારા મારી નજરકેદના સમાચાર મળ્યા પછી સરકારી મહેમાન તરીકે મને મળવા આવ્યા, પરંતુ તેમને મને મળવા દેવામાં આવ્યા નહીં. જો આ સરમુખત્યારશાહી નથી, તો શું છે?"

લગભગ એક વાગ્યાની આસપાસ, પાર્ટીએ કહ્યું કે સંજય સિંહ થોડીવારમાં મેહરાજ મલિકની ધરપકડ અંગે પ્રેસ કોન્ફરન્સ કરવાના હતા. આ પહેલા, તેમને નજરકેદ કરવામાં આવ્યા હતા. દિલ્હીના AAP ધારાસભ્ય ઈમરાન હુસૈનને પણ સંજય સાથે નજરકેદ કરવામાં આવ્યા છે.

સંજય સિંહે કહ્યું, "તાનાશાહી ચરમસીમાએ છે, હું અત્યારે શ્રીનગરમાં છું. લોકશાહીમાં, આપણા અધિકારો માટે અવાજ ઉઠાવવો અને વિરોધ કરવો એ આપણો બંધારણીય અધિકાર છે. આજે શ્રીનગરમાં મેહરાજ મલિકની ગેરકાયદેસર ધરપકડ સામે પ્રેસ કોન્ફરન્સ અને વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું, પરંતુ સરકારી ગેસ્ટ હાઉસને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યું છે. મને, ઈમરાન હુસૈન અને મારા સાથીદારોને ગેસ્ટ હાઉસમાંથી બહાર આવવાની મંજૂરી નથી." AAPના જમ્મુ અને કાશ્મીર એકમના પ્રમુખ મલિકને સોમવારે (૮ સપ્ટેમ્બર) ડોડા જિલ્લામાં જાહેર વ્યવસ્થાને ખલેલ પહોંચાડવાના આરોપસર કડક PSA કાયદા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને બાદમાં તેમને કઠુઆ જિલ્લા જેલમાં મોકલવામાં આવ્યા હતા.


### ઈથેનોલ મિશ્રિત ફ્યુલ તદ્દન સુરક્ષિત : ગડકરી

# ઈથેનોલ મિશ્રિત પેટ્રોલથી વાહનોને નુકસાનના દાવા ખોટા

## ગડકરીએ જણાવ્યું કે, આ ઇંધણ સુરક્ષિત છે, અને રેગ્યુલેટર્સ તથા ઓટોમોબાઇલ પ્રોડ્યુસર્સ બંને દ્વારા સમર્થિત છે

નવી દિલ્હી, તા.૧૧

ઈથેનોલ બ્લેન્ડ ફ્યુલ(E20 Petrol)નો મુદ્દો હાલ વિવાદમાં છે. દેશભરમાંથી અનેક લોકોએ વિવિધ પ્લેટફોર્મના માધ્યમથી ફરિયાદો નોંધાવી છે કે, ઈથેનોલ મિશ્રિત પેટ્રોલના ઉપયોગથી વાહનોના માઈલેજ અને પર્ફોર્મન્સમાં ઘટાડો થયો છે. આ મામલે કેન્દ્રીય માર્ગ પરિવહન અને હાઈવે મંત્રી નીતિન ગડકરીએ સ્પષ્ટતા આપી છે કે, આ રાજનીતિથી પ્રેરિત પૈસા આપી મારી વિરુદ્ધ ચલાવવામાં આવેલી ઝુંબેશ (કેમ્પેઈન) હતી. દિલ્હીમાં આયોજિત સોસાયટી ઑફ ઈન્ડિયન ઓટોમોબાઈલ મેન્યુફેક્ચરર્સ(સિયામ)ના ૬૫મા વાર્ષિક સંમેલનમાં ગડકરીએ કહ્યું કે, હું સોશિયલ મીડિયા પર એક પેઈડ પોલિટિકલ કેમ્પેઈન પૈસા ચૂકવીને ચલાવવામાં આવેલી રાજકીય ઝુંબેશનો ભોગ બન્યો છું. E20 પેટ્રોલ કે, જેમાં પારંપારિક ફ્યુલમાં ૨૦ ટકા ઈથેનોલ મિક્સ કરવામાં આવે છે, સોશિયલ મીડિયા પર તેના વિશેની ચિંતાઓને મોટું સ્વરૂપ આપી રજૂ કરવામાં આવી રહી છે.



ગડકરીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, આ ઈંધણ સુરક્ષિત છે, અને રેગ્યુલેટર્સ તથા ઓટોમોબાઈલ પ્રોડ્યુસર્સ બંને દ્વારા સમર્થિત છે. ARAI અને સુપ્રીમ કોર્ટને ઈ૨૦ પ્રોગ્રામ વિશે સંપૂર્ણ સ્પષ્ટતા આપવામાં આવી છે. સોશિયલ મીડિયા પર મને રાજનીતિનો ભોગ બનાવી એક પેઈડ કેમ્પેઈન ચલાવવામાં આવ્યું હતું. આથી મેં તેના પર ધ્યાન આપ્યું નથી. સોશિયલ મીડિયા પર હાલ ઈથેનોલ મિશ્રિત ઈંધણ મુદ્દે કેન્દ્ર સરકાર અને ખાસ કરીને પરિવહન મંત્રી નીતિન ગડકરીની ટીકા થઈ રહી છે. સોશિયલ મીડિયા પર ઘણા યુઝર્સે દાવો કર્યો છે કે, E20 જેવા હાઈ ઈથેનોલ બ્લેન્ડિંગથી વાહનોની માઈલેજ પર અસર થાય છે, તેમજ જૂના મોડલ, ખાસ કરીને ૨૦૨૩ પહેલાં બનેલા વાહન ટેક્નિકલી રીતે તેના ઉપયોગ માટે સજ્જ નથી. લોકોએ જુદા-જુદા ફોરમ સમક્ષ પણ આ મામલે ફરિયાદ નોંધાવી હતી કે, E20 પેટ્રોલના ઉપયોગથી તેમના વાહનની માઈલેજ ઘટી છે, તેમજ ફ્યુલ સિસ્ટમને નુકસાન થઈ રહ્યું છે. લોકલ સર્કિલના એક સરવેમાં દાવો કરવામાં આવ્યો હતો કે, આશરે ૪૪ ટકા લોકો ઈથેનોલ મિશ્રિત પેટ્રોલનું સમર્થન કરતા નથી. ઉલ્લેખનીય છે, આ મામલે પેટ્રોલિયમ-નેચરલ ગેસ મંત્રાલયે ૮ પર નિવેદન આપ્યું હતું કે, રેગ્યુલર પેટ્રોલની તુલનાએ ઈથેનોલની એનર્જી ક્ષમતા ઓછી હોવાથી માઈલેજમાં નજીવો ઘટાડો થાય છે. E10 માટે ડિઝાઈન કરવામાં આવેલા તેમજ E20 માટે કેલિબ્રેટ કરવામાં આવેલા ફોર વ્હિલર્સમાં ૧-૨ ટકા અને જ્યારે અન્ય વાહનોની માઈલેજમાં ૩-૬ ટકાનો ઘટાડો થાય છે.

### ૩ રાજ્યોમાંથી ૫ ISIS આતંકવાદીઓની ધરપકડ

# ત્રાસવાદીઓનું ભારતમાં સિરિયલ બ્લાસ્ટ કરવાનું કાવતરુ નિષ્ફળ

## દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ-કેન્દ્રીય એજન્સીઓએ મળીને ૩ રાજ્યોમાં દરોડા પાડ્યા : તેમણે એક મોટા આતંકવાદી કાવતરાનો પર્દાફાશ કર્યો છે

નવી દિલ્હી, તા.૧૧

એક મોટા આંતકી ષડયંત્રને દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે નિષ્ફળ બનાવી દીધો છે. દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલે અને કેન્દ્રીય એજન્સીઓએ મળીને ૩ રાજ્યોમાં દરોડા પાડ્યા હતા. તેમણે એક મોટા આતંકવાદી કાવતરાનો પર્દાફાશ કર્યો છે. છેલ્લા બે દિવસથી ચાલી રહેલા ઓપરેશન દરમિયાન, ૫ ISIS આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી, જેમાંથી બે આતંકવાદીઓ દિલ્હીથી અને એક આતંકવાદી રાંચીથી ધરપકડ કરવામાં આવી. આતંકવાદીઓ પાસેથી હથિયારો અને બોમ્બ બનાવવાની સામગ્રી મળી આવી છે.

દિલ્હીથી ધરપકડ કરાયેલા આતંકવાદીઓની ઓળખ આફતાબ અને સુફિયાન તરીકે થઈ છે, જે મુંબઈના રહેવાસી છે. રાંચીથી ધરપકડ કરાયેલા આતંકવાદીની ઓળખ દાનિશ તરીકે થઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે આ ત્રણ આતંકવાદીઓ મોટા હુમલાનું કાવતરું ઘડી રહ્યા હતા.

દિલ્હીના સ્પેશિયલ સેલે સેન્ટ્રલ એજન્સી સાથે મળીને દિલ્હી, મુંબઈ અને ઝારખંડ સહિત આતંકવાદી નેટવર્કનો પર્દાફાશ કરવા માટે ત્રણ રાજ્યોમાં દરોડા પાડ્યા હતા. આ દરમિયાન તેમણે દિલ્હીથી બે અને રાંચીથી એક આતંકવાદીની ધરપકડ કરી હતી.

ઝારખંડ એટીએસ અને રાંચીની સ્થાનિક પોલીસની મદદથી, ઈસ્લામ નગરની એક લોજ પર દરોડો પાડવામાં આવ્યો, જ્યાં અશહર ઉર્ફે દાનિશ એક વિદ્યાર્થી તરીકે છુપાઈને રહેતો હતો. તેની ધરપકડ બાદ, પૂછપરછમાં એ વાતનો ખુલાસો થયો કે તે કેમિકલ હથિયારો બનાવવામાં નિષ્ણાત છે. દાનિશ અને આફતાબની પૂછપરછને આધારે, અન્ય ત્રણ આતંકવાદીઓ પણ પકડાઈ ગયા. દરોડામાં દિલ્હીથી પકડાયેલા આતંકવાદી અફતાન અને સુફિયાન પાસેથી શસ્ત્રો અને IED બનાવવાની સામગ્રી મળી આવી હતી. તે જ સમયે, પોલીસે રાંચીથી પકડાયેલા દાનિશના ઠેકાણામાંથી રાસાયણિક IED બનાવવાની સામગ્રી મળી આવી હતી. આ ઉપરાંત, એક દેશી બનાવટની પિસ્તોલ અને એક જીવંત કારતૂસ પણ મળી આવ્યું હતું. માહિતી અનુસાર, આ આતંકવાદીઓ દિલ્હી સહિત દેશના વિવિધ સ્થળોએ આતંકવાદી ઘટનાઓને અંજામ આપવાની યોજના બનાવી રહ્યા હતા.

માહિતી અનુસાર, ધરપકડ કરાયેલા પાંચેય આતંકવાદીઓ ISISના સ્લીપર સેલ હતા. આ આતંકવાદીઓનું મુખ્ય કાર્ય ISISમાં નવા આતંકવાદીઓની ભરતી કરવાનું પણ હતું. સ્પેશિયલ સેલ રેકી કરીને ISISમાં અત્યાર સુધી કેટલા આતંકવાદીઓની ભરતી કરવામાં આવી છે અને આતંકવાદી ઘટનાઓને અંજામ આપવાનું કાવતરું ક્યાં ઘડવામાં આવી રહ્યું છે તે શોધવાનો પ્રયાસ કરી રહ્યું છે. પોલીસે કેટલાક વધુ શંકાસ્પદ આતંકવાદીઓની અટકાયત કરી છે અને તેમની સઘન પૂછપરછ કરી રહી છે.

હાલ ઈન્ટેલીજન્સ એજન્સીઓ પાંચેય આતંકવાદીઓની પૂછપરછ કરીને એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે તેઓ કઈ કઈ જગ્યાએ હુમલાની યોજના બનાવી રહ્યા હતા અને કયા સ્થળોએ બોમ્બ પ્લાન્ટ કરવાનું આયોજન હતું. આ સાથે તેમના અન્ય સાથીઓ ક્યાં છે અને કોના આદેશ પર તેઓ ભારતમાં આવીને આ ષડયંત્ર રચી રહ્યા હતા, તે અંગે પણ તપાસ ચાલી રહી છે.

# અમરેલી ખાતે મ્યુઝિક લવર્સની સ્થાપનાં સૌપ્રથમ કાર્યક્રમમાં સંગીત રસિકો જોડાયા



અમરેલી, તા. ૧૧

અમરેલીના જાણીતા વકતા અને સેવાભાવી રિયાજભાઈ વેરસિયા અને જાણીતા વેપારી હિતેશભાઈ જોશી દ્વારા ફ્રેન્ડ શીપ ડેના રોજ મ્યુઝિક લવર્સ ગૃપની સ્થાપના કરવામાં આવી. ગૃપનો હેતુ મિત્રોના પરિવારો સાથે મળી એક કૌટુંબિકભાવના અને પરિવારિક સંબંધો વધે તેવી છે. મિત્રોએ આ ગૃપનો પ્રથમ પ્રોગ્રામ તા.૭ /૯/૨૫ના રોજ રાધિકા ગાર્ડન રેસ્ટોરન્ટમાં ઉજવ્યો હતો. આ પ્રોગ્રામમાં ગૃપના પરિવારના સભ્યોના બર્થ ડેની ઉજવણી કરવામાં આવી, અને ગૃપના મિત્ર અશરફભાઈ બ્લોચ નિવૃત થતાં તેનું સન્માન કરવામાં આવ્યું. આ પ્રોગ્રામમાં અતિથિ વિશેષ રૂપે અમરેલી એક્સપ્રેસના તંત્રી મનોજભાઈ રૂપારેલિયા, જાણીતા વકીલ અને બ્રહ્મ સમાજના આગેવાન અજયભાઈ પંડયા અને બાબરાના ઉદ્યોગપતિ અને ખોજા સમાજના આગેવાન શૌકતભાઈ હાજર રહ્યાહતા. અનેશોભામાંઅભિવૃધ્ધિ કરેલ હતી, પારિવારિક ગેમ્સ અને સુમધુર ગીત સંગીત અને દાંડિયા રાસ અને ડિનર સાથે પ્રોગ્રામ ગૃપના સભ્યોએ માણ્યો હતો. રિયાજભાઈની ગેમ્સ અને અન્ય પ્રવૃતિઓએ ગૃપના સભ્યોને મંત્ર મુગ્ધ કર્યા હતા. આ પ્રોગ્રામ સફળ બનાવવા રિયાજભાઈ, હિતેશભાઈ જોશી, રાજેશ ભાઈ કેશવાણી, મુકેશભાઈ ચૌહાણ, નિલેષભાઈ પરમાર, વિજયભાઈ સોલંકી અને તમામ ગૃપ મિત્રોએ જહેમત ઉઠાવી હતી.

# સાવરકુંડલા : શ્રી મહિલા મંદિરમાં તાલીમાર્થી બહેનો માટે રમત ઉત્સવનું આયોજન



સાવરકુંડલા, તા. ૧૧

શ્રી મહિલા અધ્યાપન મંદિર સાવરકુંડલામાં આજરોજ રમતો ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં નાની-નાની અને પ્રાથમિક શાળામાં બાળકોને રમાડી શકાય તેવી રમતો અને તેના વિષયક માહિતી આપી અને રમત રમાડવામાં આવી હતી. આ રમતો તાલીમાર્થી વિદ્યાર્થીની બહેનોને તેના શિક્ષણ જીવનમાં ભવિષ્યમાં ખુબ જ ઉપયોગી થશે. ખાસ કરીને અત્યારે જયારે પ્રાથમિકશાળામાં દર શનિવારના દિવસે બેગલેસ-ડે ઉજવવામાં આવે છે. ત્યારે વિદ્યાર્થીઓને અલગ-અલગ રમતો રમાડી જોઈએ જેથી વિદ્યાર્થીઓને ભણતરની સાથે ગમ્મ્ત અને ખુબ મજા પણ આવે. રમતો રમાડવાનો મુખ્ય ધ્યેય બાળકોમાં રમત ગમત પ્રત્યે રૂચિ વધે અને મોબાઈલના દુષણથી દૂર રહે તેવા અભિગમોથી આ રમતો ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રમતો શિક્ષણનો એક ભાગ છે. જેથી વિદ્યાર્થીઓને ગમ્મ્ત સાથે નોલેજ પ્રાપ્ત થાય. રમતોમાં ગ્લાસ ફુગ્ગા દ્વારા ગોઠવણી કરવી, દોરડાની મદદથી અંગ કસરત કરવી, ફુગ્ગાની મદદથી સ્પર્ધા જીતવી, આંખે પાટા બાંધી અને લક્ષ સુધી પહોંચવું, સર્કલમાં બોટલો ભેગી કરવી વગેરે નવી-નવી ઘણી બધી ઈન્ડોર ગેમ્સ રમાડવામાં આવી હતી. આ રમતો રમવામાં બહેનોને ખૂબ જ મજા આવી હતી. તાલીમાર્થી વિદ્યાર્થીની બહેનોને રમત રમતાં તેના આયોજન અને નિયમો વિશે શિખવા મળ્યું હતું.

આ પ્રકારના રમતોત્સવના આયોજનથી બાળકોના સર્વાંગી વિકાસને વેગ મળે છે. આ પ્રવૃત્તિમાં સંસ્થાના અધ્યાપકોએ રમત ગમતના આયોજનમાં અને રમત ગમત માટેના જરૂરી સાધનો મેળવવામાં મદદ કરી હતી. અધ્યાપન મંદિરના અધ્યાપકોએ પણ આ રમતોમાં ભાગ લીધો હતો. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

# રાજુલાની ઔદ્યોગિક તાલીમ સંસ્થાની મુલાકાત લેતી વિદ્યાર્થીનીઓ



રાજુલા, તા. ૧૧

રાજુલા ITI ખાતે કાર્યરત વિવિધપ્રકારના ટ્રેડ તથા તેમની તાલીમ, સમય તથા રોજગારીની તકો વિષે માહિતી મેળવી હતી. શાળામાં ચાલતા વોકેશનલ ટ્રેડ અંતર્ગત વોકેશનલ વિષયો ધરાવતી વિદ્યાર્થીની બહેનોને શિક્ષણનાં ભાગરૂપ સંસ્થાની મુલાકાત લીધી હતી.

ઔદ્યોગિક તાલીમ સંસ્થાનાં પ્રિન્સીપાલ ચિંતનભાઈ જાની, મહીપતભાઈ તથા તેમનાં સમગ્રસ્ટાફ દ્વારા ખૂબ જ સુંદર રીતે માહિતી આપવામાં આવી હતી.

શાળાનાં વોકેશનલ ટ્રેનર લીલાબેન ભર્ગા તથા દીલીપભાઈ ચુડાસમા તથા અન્ય શિક્ષક હીનાબેન રાઠોડ આ કાર્યમાં જોડાયા હતા. આચાર્યા સીમાબેન પંડયા ,જોષી દ્વારા ઔદ્યોગિક તાલીમ સંસ્થાનાં આચાર્ય ચીંતનભાઈ જાની તથા સમગ્ર સ્ટાફનો આભાર માન્યો હતો.

# ગુંદરણમાં ટી.એચ.આર. અને મીલેટસની વાનગી સ્પર્ધા યોજાઈ



લીલીયા, તા. ૧૧

લીલીયા ઘટકના ગુંદરણ સેજામાં THR અને મિલેટ્સની વાનગી સ્પર્ધા યોજવામાં આવેલ આ વાનગી સ્પર્ધા ગુંદરણ પ્રાથમિક શાળાના પટાંગણમાં યોજવામાં આવેલ જેમાં ગ્રામ પંચાયતના સભ્યો ગામના અગ્રણીઓ, આયુષ ડોકટર નેહાબેન, મુખ્ય સેવિકા એચ.એન. રેણુકા, પી.ડી. રાઠોડ તેમજ શાળાના આચાર્ય હાજર રહેલ આ સ્પર્ધામાં આંગણવાડી કાર્યકર બહેનો દ્વારા THR અને મીલેટ્સમાંથી અનેક વિધ વાનગીઓ બનાવી લોકોમાં THR અને મિલેટ્સ પ્રત્યે જાગૃતતા લાવવા પ્રયત્ન કરવામાં આવેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ.

# વાંકીયાનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે એમ્બ્યુલન્સનુ લોકાર્પણ




અમરેલી, તા. ૧૧

જિલ્લા વિકાસ અધિકારી પી.બી. પંડયાના માર્ગદર્શન હેઠળ જિલ્લા પંચાયત અમરેલીની ૧૫ ટકા વિવેકાધીન ગ્રાન્ટ માંથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે એમ્બ્યુલન્સ ખરીદ કરવામાં આવી હતી. જેને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકીયા ખાતે નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે આ એમ્બ્યેલન્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત આરોગ્ય ચેરમેન અશ્વિનભાઈ કુંજડીયા, જિલ્લા પંચાયત સભ્ય શંભુભાઈ મહિડા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. આર.એમ.જોષી, તાલુકા આરોગ્ય અધિકારી (DQAMO) ડો. આર કે જાટ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયત આગેવાનો, સરપંચ વાંકીયા, ગામના આગેવાનો સહિત ગામ લોકોએ હાજરી આપી હતી. ઉપરોકત અનુસંધાને આ એમ્બયુલન્સના લીધે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વાંકીયા હેઠળના ગામોમાં આરોગ્યની ઝડપી સુવિધાઓ મળી રહેશે તથા સમયસર સારવાર મળી રહેશે. તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની ડો. આર.એમ. જોષી યાદિમાં જણાવે છે.

# ૮૦ કિલો વજનને ૧૨ થી ૧૫ કિલો ઘટાડીને અમરેલીમાં જાગૃતિબહેન નામની સાસુએ કિડની આપીને જમાઈની અમૂલ્ય જીંદગી બચાવી લીધી

## માત્ર ૩ મહિનામાં ૧૨ થી ૧૫ કિલો વજન ઘટાડયુ



અમરેલી, તા. ૧૧

રાજુલા શહેર, જયાંશ્રી ગોવર્ધન નાથજીની હવેલી સ્થિત છે, તે પરિવારના મુખ્યાજીના ચાર દીકરીઓમાં મોટી દીકરી જાગૃતિ ત્રિવેદી જોશી છે. હવેલીમાં સંસ્કાર મેળવી મોટી થયેલી જાગૃતિબહેનનો વિવાહ અમરેલી નિવાસી દિલીપ જોશી સાથે થયો. દિલીપભાઈ જાણીતા ડો. રંગૂનવાલાના સૌથી નાના પુત્ર છે. પત્ની ગુમાવી ચૂકેલા ડો. રંગૂનવાલાએ વહુ જાગૃતિને પુત્રી સમો પ્રેમ આપ્યો અને ઘરગથ્થું જીવનમાં ઘડતા માતા સમો હાથ પકડી દીધો.

જાગૃતિબહેન અને દિલીપભાઈનું જીવન સુખમય રીતે પસાર થતું હતું. પરમ કૃપાળુ ઠાકોરજી તથા બાપા મુળદાસની કૃપાથી એમને બે દીકરીઓ - જાનકી અને પૂજા - પ્રાપ્ત થઈ. માતાની ભકિત, પિતાના સંસ્કારો અને સંયુકત પરિવારના આશીર્વાદે બંને દીકરીઓ ઘડાઈ.

અચાનકજ પરિવાર પર સંકટ આવ્યું. નાની દીકરી પૂજાના પતિ મૌલિકની બંને કિડની ફેલ હોવાનું નિદાન મળ્યું. આખો પરિવાર ચિંતિત થયો, પરંતુ ઠાકોરજી પ્રત્યેની શ્રધ્ધા ગુમાવી નહીં. આ દરમિયાન મૌલિકના ઓપરેશન દરમિયાન ડો. આશય પંડ્યાએ મૌલિકને દિલાસો આપતા કહ્યું : ' 'અરે મૌલિક, ચિંતા ન કરશો. આપણે બંનેએ તો રિટાયર્ડ થઈને ચા સાથે પીવાની છે.''

આ શબ્દોએ પરિવારને આશાનો કિરણ આપ્યો. ઘણી મથામણો બાદ ઠાકોરજીની કૃપાથી ચમત્કાર થયો - મૌલિકની સાસુ જાગૃતિબહેનની કિડની યોગ્ય હોવાનું જણાયું. પરંતુ એક મોટો પ્રશ્ન હતો - તેમનું ઉમર ૫૮ વર્ષ અને વજન ૮૦ કિલો. ડોક્ટરોએ સ્પષ્ટ કહ્યું : ''તમારી કિડની મૌલિક માટે યોગ્ય છે, પરંતુ વજન ઓછું કરવું ફરજિયાત છે.'' આ પડકાર સામે જાગૃતિબહેન અડગ વિાસ સાથે બોલ્યા : ''મારે ત્રણ જ મહિનામાં વજન ઘટાડીને પાછી આવવાનું છે.''

જાગૃતિબહેન જેમને સવારની ચા વિના દિવસ અધૂરો લાગે, અને હવેલીમાં ઉછરેલી હોવાને કારણે મીઠાઈ ખાવાનો વિશેષ શોખ, તેઓએ બધી જ પરેજી સ્વીકારી. પોતાનું મન મજબૂત કરી, અદ્ભુત આત્મબળ અને ઠાકોરજી પ્રત્યેની અડગ શ્રદ્ધાથી માત્ર ત્રણ મહિનામાં ૧૨ થી ૧૫ કિલો વજન ઘટાડવામાં સફળ રહ્યા.

આ પ્રયત્ન માત્ર વજન ઘટાડવાનો નહોતો, પરંતુ એક માતા સમાન સાસુની પોતાના જમાઈ માટે જીવનદાન આપવાની તપશ્ચર્યા હતી. જાગૃતિ બહેનની સંઘર્ષ ગાથા પછી : આ કપરા સંઘર્ષ દરમિયાન દિલીપભાઈએ બાપા મુળદાસ પ્રત્યેની અડગ શ્રદ્ધાથી બધું પાર પાડયું, અને તેમના સૌમ્ય સાહસ સાથે પત્ની જાગૃતિ બહેનની નિષ્ઠાપૂર્વક સેવા પણ સતત ચાલુ રાખી.

આ કપરા સમયમાં મૌલિકની પત્ની પૂજાએ અદ્ભુત હિંમત અને શ્રદ્ધાનો પરિચય આપ્યો. નાની ઉંમરે આવી મોટી કસોટી સામે આવી હોવા છતાં તેણે પતિને દરેક ક્ષણે સાથ આપ્યો, દોડાદોડી કરી અને ઈર પરની શ્રદ્ધા ગુમાવી નહીં. પૂજાએ પોતાની જાતને વચન આપ્યું હતું - હું એક જ વર્ષમાં મૌલિકને સાજો કરી જ આપીશ, ઠાકોરજી મને જરૂર સહકાર આપશે.''

ઠાકોરજીની કૃપાથી તેણે આ વચન સાચું કરી બતાવ્યું. પરિવાર અને સાસરી પક્ષના સાથ સહકારથી આખરે અમદાવાદની સાલ હોસ્પિટલમાં ૧૬ જૂન ૨૦૨૫ના રોજ નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા થયેલા ઓપરેશનમાં જાગૃતિબહેનની કિડની મૌલિકના શરીરમાં સફળતાપૂર્વક કાર્યરત થઈ ગઈ.

પરિવારના આ સંઘર્ષમાં દિલીપભાઈના પિતૃતુલ્ય મોટા ભાઈ બીપીનભાઈ જોશી તથા માં સમાન ભાભી નિલાબેન જોશીનો પણ વિશેષ સહકાર રહ્યો. બાપા મૂળદાસ, કુળદેવી તથા મહાદેવ પ્રત્યેની તેમની અડગ શ્રદ્ધાએ આખા પરિવારને સતત હિંમત આપી અને આ કપરા સમયમાં મજબૂત થવા પ્રેરણા આપી.

મોટી દીકરી જાનકી અને તેમના પતિ વિરલએ માઁ જાગૃતિબહેન અને નાનો ભાઈ મૌલિક માટે દ્વારિકાધીશ પર અતૂટ શ્રદ્ધા રાખી. મૌલિકની માતા ગીતાબેન માટે આ ઘટના અત્યંત હૃદયસ્પર્શી હતી. પોતાના દીકરાને નવું જીવન આપનાર પોતાની વેવાઈ જાગૃતિબહેનને તેમણે મા યશોદા ગણાવી.

વિશેષ આભાર અમદાવાદની સાલ હોસ્પિટલ અને ત્યાંની નિષ્ણાત ડોક્ટરોની ટીમનો, જેમણે પોતાની અવિરત મહેનત અને કુશળતાથી આ અશક્ય લાગતી કામગીરીને સફળ બનાવી મૌલિકને નવું જીવન આપ્યું.

આ ઘટના આપણને એક જ સંદેશ આપે છે - ઈર જે દુઃખ આપે છે, તેની સામે ઉકેલ પણ તે જ આપે છે. જરૂરી છે તો માત્ર દઢ શ્રદ્ધા, નિશ્ચય અને સમર્પણ.


# લીલીયા તાલુકા પંચાયત દ્વારા નિર્મળ ગુજરાત ૨.૦ નો વર્કશોપ યોજાયો



લીલીયા મોટા, તા. ૧૧

લીલીયા મોટા તાલુકા પંચાયત કચેરી દ્વારા તાલુકાના તમામ સરપંચ, સદસ્યઓ અને તલાટી કમ મંત્રી માટે નિર્મળ ગુજરાત ૨.૦ નો વર્કશોપ/તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં વર્કશોપનું આયોજન નિલકંઠ મહાદેવ મંદિરના સાંનિધ્યમાં કરાયું જેમા, જિલ્લા, તાલુકા પંચાયત સદસ્યઓ લીલીયા તાલુકાભરના સરપંચઓની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ પંડયા દ્વારા પ્રવાહી અને ધન કચરા નિકાલ માટે સરકારશ્રી દ્વારા ચાલતી યોજનાઓથી માહિતગાર કરાયા તેમજ ધારાસભ્ય મહેશભાઈ કસવાલા દ્વારા લીલીયા તાલુકામાં જળ સંચય અભિયાન ચલાવવા માટે તેમજ તમામ લીલીયા તાલુકાના ગામોની સુરક્ષા માટે સી.સી.ટી.વી. કેમેરા લગાવવા માટે વતનના રતન વતન પ્રેમી યોજના પર ભાર મુકવામાં આવેલ તેમજ તાલુકા વિકાસ અધિકારી કિશોરભાઈ આચાર્ય દ્વારા સરપંચઓ, સદસ્યઓ તથા તલાટી કમ મંત્રીઓને પંચાયત ધારા તથા પંચાયત નિયમોની વિસ્તૃત પણે તાલીમ આપવામાં આવી હતી સાથે સાથે લીલીયા તાલુકાના વિવિધ ગામોના કુલ ૨૦ જેટલા લાભાર્થીઓને મફત પ્લોટ ફાળ વણીના હુકમો એનાયત કરાયા હતા. આ તકે મામલતદાર બી.એસ.પટેલ તાલુકા ભાજપ પ્રમુખ જીગનેશ સાવજ, ગૌતમભાઈ વિંછીયા, ભીખાભાઈ ધોરાજીયા, કાનજીભાઈ નાકરાણી, રાશીભાઈ ડેર, ભનુભાઈ ડાભી સહિતના લોકો ઉપસ્થિત રહેલ તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલી ખાતે ''ખેલ મહાકુંભ'' અને 'સાંસદ ખેલ મહોત્સવ'નાં આયોજન અર્થે બેઠક યોજાઈ



અમરેલી જિલ્લા સેવા સદન ખાતે 'ખેલ મહાકુંભ - ૨૦૨૫' અને 'સાંસદ ખેલ મહોત્સવ' ના આયોજન તથા આ સ્પર્ધાઓમાં મહત્તમ વિદ્યાર્થીઓ- રમતવીરો સહભાગી બને તે માટે સાંસદ ભરતભાઈ સુતરીયાની ઉપસ્થિતિમાં અને જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. ખેલ મહાકુંભ-૨૦૨૫માં ભાગ લેવા માટે ઈચ્છુક સ્પર્ધકોએ તા. ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં વેબસાઈટ https;// Khelmahakumbh.gujarat.gov.in પર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે, ગત તા. ૨૯ ઓગસ્ટથી રજિસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. ખેલ મહાકુંભ અન્વયે શાળા કક્ષાએથી શરૂ કરી રાજયકક્ષા સુધી વિવિધ રમત-ગમતની સ્પર્ધાઓનું આયોજન હાથ ધરવામાં આવશે. વિવિધ રમત ગમતમાં વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કાર આપવામાં આવશે. પ્રત્યેક ખેલાડી મહત્તમ બે રમતમાં ભાગ લઈ શકશે. કોઈપણ ખેલાડી બે રમત કરતા વધુ રમતમાં ભાગ લઈ શકશે નહીં. એક જ કે.એમ.કે આઈડીથી ખેલાડીએ બે રમતમાં રજિસ્ટ્રેશન કરાવ્યુ હશે તો જ ખેલાડીનું બે રમતમાં રજિસ્ટ્રેશન માન્ય ગણવામાં આવશે. જે ખેલાડી પાસે જુના કે.એમ.કે આઈડી હોય તેઓએ જુના કે.એમ.કે આઈડીથી ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે અને વિજેતા થશે તો જ રોકડ પુરસ્કાર મળવાપાત્ર છે. અં-૯, અં-૧૧, અં-૧૪ તથા અં-૧૭ ગૃપમાં શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ જે તે શાળામાંથી રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. કોલેજમાં અભ્યાસ કરતા ખેલાડીઓએ ઓનલાઈન અથવા કોલેજ મારફત રજિસ્ટ્રેશન કરવાનું રહેશે. વધુ જાણકારી અથવા રજિસ્ટ્રેશન સંબંધિત સમસ્યા માટે ટોલ ફ્રી નં. ૧૮૦૦ ૨૭૪૬ ૧૫૧ પર સંપર્ક કરવાનો રહેશે. ખેલ મહાકુંભ અન્વયે શાળા કક્ષા અને ગ્રામ્ય કક્ષા, તાલુકા કક્ષા, જિલ્લા કક્ષા, રાજય કક્ષાએ વિવિધ વયજૂથ હેઠળ વિવિધ રમત ગમત સ્પર્ધાઓ યોજાશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે વયમર્યાદા નક્કી કરવા માટે કટ ઓફ ડેટ તા. ૩૧/૧૨/૨૦૨૫ રહેશે. ભારતની મૂળ રમતો અને વિશ્વની રમતોને પ્રોત્સાહિત કરવા, યુવાનોની ભાગીદારી વધારવા તથા 'ફિટ ઈન્ડિયા' અભિયાનના સમર્થનમાં ' સાંસદ ખેલ મહોત્સવ ૨૦૨૫' નું આયોજન કરવામાં આવશે. જે અન્વયે રજિસ્ટ્રેશન પ્રક્રિયા તા. ૨૯/૯/૨૦૨૫ થી શરૂ કરવામાં આવી છે. આ રમતોત્સવમાં ભાગ લેવા માટે ખેલાડીઓએ તા. ૨૦/૯/૨૦૨૫ સુધીમાં ઓનલાઈન https;// sansadkhelmahotsav.in પોર્ટલ પર રજિસ્ટ્રેશન કરવું. ફિટ યુવા ફોર વિકસિત ભારત થીમ અંતર્ગત આયોજિત આ રમતોત્સવમાં અલગ અલગ ૩ વયજૂથમાં એથ્લેટિકસ, ચેસ, યોગાસન, ખો-ખો, કબડ્ડી, વોલીબોલ, કોથળા દોડ, રસ્સાખેંચ રમતોની સ્પર્ધાઓ યોજાશો. 'ખેલ મહાકુંભ' અને સાંસદ ખેલ મહોત્સવ'માં વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લે તે માટે સાંસદ ભરતભાઈ સુતરિયા અને જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. બેઠકમાં બંને રમતોત્સવના સુચારૂ આયોજન સંદર્ભે જિલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજે સંબંધિત અધિકારીઓને વિવિધ દિશાદર્શન, સૂચનાઓ આપી હતી. બેઠકમાં પ્રાંત અધિકારી મહેશ નાકીયા, જિલ્લા શિક્ષણાધિકારી ગોહિલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી , જિલ્લા રમત વિકાસ અધિકારી સહિત સંબંધિત સર્વ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી ખાતે જિલ્લા કક્ષાનો નેશનલ સાયન્સ સેમીનાર સંપન્ન



ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિમ અને બાલભવન, અમરેલી ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડી.એસ.ટી. ગર્વમેન્ટ ઓફ ગુજરાત અને નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિમય, મીનીસ્ટ્રી ઓફ કલચર, ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા ધ્વારા આયોજીત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ડી.એસ.ટી. ગર્વમેન્ટ ઓફ ગુજરાત અને નેશનલ કાઉન્સિલ ઓફ સાયન્સ મ્યુઝિમય, મીનીસ્ટ્રી ઓફ કલચર, ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા આયોજીત ડી.ઈ.ઓ. અને ડી.પી.ઈ.ઓના માર્ગદર્શન તળે ડીસ્ટ્રીકટ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ચિલ્ડ્રન્સ મ્યુઝિમય અને બાલ ભવન, અમરેલી ખાતે તા.૯મી સપ્ટેમ્બરના રોજ નાયબ જિલ્લા પ્રાથમિક અધિકારી જી.એમ. સોલંકીની અધ્યક્ષતામાં નેશનલ સાયન્સ સેમીનારોનો દીપપ્રાગટય ધ્વારા શુભારંભ કરવામાં આવ્યો હતો. ડો. ગોયાણી, ડો.એમ.કે. ગોંડલીયા, ડો.વી.એન. પટોળીયા, કે.પી. પંડયા, બી.આર.સી. નિતિનભાઈ ચાવડા તથા જિલ્લાની વિવિધ શાળાઓના આચાર્યઓ, શિક્ષકો અને વિદ્યાર્થીઓની વિશેષ ઉપસ્થિતિમાં જિલ્લાના વિદ્યાર્થીઓએ ''કવોન્ટમ યુગનો આગાઝ –સંભાવનાઓ અને પડકારો'' વિષય આધારીત પોતાના સીસર્ચ પેપર અને પ્રેજન્ટેશન રજુ કર્યા હતા. જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમે સાનીયા ગંગાણી, જે.બી.એસ.ટી. ઈંગલીશ મીડીમ સ્કુલ, બાબરા, દ્વિતિય ક્રમે વાઘ રાહુલ, સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા, પાર્ટી તથા તૃતિય ક્રમે રાવળ ભવ્ય, સરસ્વતિ વિદ્યામંદિર, અમરેલીની પસંદગી કરવામાં આવેલ. જે પૈકી પ્રથમ અને દ્વિતિય ક્રમે પસંદગી પામનાર બન્ને વિદ્યાર્થીઓ ગુજકોસ્ટ, ડી.એસ.ટી. ગવર્મેન્ટ ઓફ ગુજરાત ધ્વારા યોજાનાર રાજય કક્ષાના નેશનલ સાયન્સ સેમિનારમાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. ડો.એમ.કે. ગોંડલીયા, ડો.વી.એન. પટોળીયા તથા કે.પી. પંડયા એવમ વિશેષ ઉપસ્થિત રહેનાર યોગેશભાઈ કાવઠીય, ભાવેશભાઈ કડેવાલ, જીજ્ઞેશભાઈ રૈયાણી, વિપુલભાઈ ચાવડા, અલ્પાબેન ખીમાણી, જાગૃતિબેન રાજયગુરૂ, ધવલભાઈ જોષી, મૌલિકભાઈ ત્રીવેદી, હીરેનભાઈ ડોડીયા, વિવેકભાઈ કનેરીયા, રાજેશભાઈ ખાંડલ, નેહાબેન વ્યાસ, નીરાલીબેન ગંગાની, માધુરીબેન સુરાણી, ચીરાગભાઈ બકરાણીયા, વીશાલભાઈ સોલંકી, નિતીનભાઈ સાવજ, પુજાબેન મહીડા, ભૌતિકાબેન પીપળીયાની સેવાઓ બદલ આભાર વ્યકત કરવામાં આવ્યો. બાલભવન, અમરેલીના ડાયરેકટર નિલેશ કે. પાઠક, ડેપ્યુ.ડાયરેકટર દિશેનભાઈ ત્રિવેદી, મુકુંદભાઈ અધ્યારૂ, ચેતનભાઈ પાઠક, નયના પાઠક, પંકજભાઈ જોષી, શીવાનીબેન વ્યાસ, અરૂણભાઈ પાનસુરીયા, પુ.વર્ષાબેન દવે તથા સંસ્થાના સ્ટાફ ધ્વારા કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવ્યો હતો. સંસ્થાના મુખ્ય ટ્રસ્ટી જવાહરભાઈ મહેતા તથા ચેરમેન હેમેન્દ્રભાઈ મહેતા ધ્વારા તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવવામાં આવેલ.

## સાવરકુંડલામાં ગરીબોની અનેરી સેવા

સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલા શહેરમાં અનેક નાની મોટી સંસ્થાઓ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. એ પૈકી પ્રભુનો પ્રસાદ એ બેનર હેઠળ ભૂખ્યાને ભોજન કરાવતી સંસ્થાના સેવાભાવીઓ રોજ રાત્રે આવા ભૂખ્યા જનોને ભોજન કરાવવા નીકળી પડે છે.

સાવરકુંડલા શહેરમાં જીવનની એ કરૂણાંતિકાના એક અધ્યાયે હૃદયને વિચલિત કરી દીધી. વાત જાણે એમ છે કે એક ઘટના એવી બની જયારે સાવરકુંડલા શહેરની પ્રભુપ્રસાદની ટીમ ભિક્ષુક લોકો ભોજન પીરસવામાં મહુવા રોડ પર નીકળી. આ સમયે મહુવા રોડ પાસે એક એવો ભિક્ષુક યુવાન જોવા મળેલ જેને બન્ને હાથ ન હતા. એ યુવાન ખુબ જ ભુખ્યો હતો. જયારે આ સેવાકીય ગ્રુપ દ્વારા તેને પ્રભુનો પ્રસાદ ભોજન આપવા આવ્યુ. તો એના ભોજન આરોગવા માટે સીધા મોંનો સહારો



લેવાનો પ્રયાસ કરતો જોવા મળેલ. આ સ્થિતિમાં અરવિંદભાઈ મેવાડાએ યુવાને પોતાના હાથે જમાડી વિકલાંગ યુવાનને પ્રભુ પ્રસાદની ટીમ મદદરૂપ થઈ હતી. આ સેવાકીય કાર્યમાં કલ્પેશભાઈ પટેલ, અરવિંદભાઈ મેવાડા, સી.એન.બગડા, નિતીનભાઈ હેલૈયા, વિજયભાઈ વિઝુંડા, વગેરેએ ઉપસ્થિત રહીને સેવા પ્રદાન કરેલ.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં ખોટી રીતે એટ્રોસિટીની ફરિયાદ

માટે લેખીતમાં અન્નજળનો ત્યાગ કરી ઈચ્છા મૃત્યુ (આપઘાત)ની અરજી મંજુર કરવા અને જાહેર સેવા બજાવતા રાજયસેવકો તથા સરકારી તંત્ર ઉપર દબાણ કરી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ અમરેલીના જાહેરનામાનો ભંગ કરવા સબબ અમરેલી સીટી પોલીસ ઈન્સ. દિલીપભાઈ ખીમજીભાઈ વાઘેલાએ આ ઈસમો સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે અમરેલી કલેકટર કચેરી સામે છેલ્લા કેટલાંક દિવસોથી આ લોકો અન્ન જળનો ત્યાગ કરી આંદોલન ચલાવતા હોય. ત્યારે પોલીસે આ બનાવમાં સત્વ સામે અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ અમરેલીના જાહેરનામાનો ભંગ કરવા સબબની ફરિયાદ નોંધી છે.

## પાના ૮ ઉપરનું ચાલું બગસરાના માવજીંજવા ગામમાં

અલગ અલગ વીજ ચોરીના કેસમાં દોઢ લાખનો દંડ પણ ફટકાર્યો હતો જેને લીધે ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો. માવજીજવા ગામના લોકોએ છેલ્લા ઘણા સમયથી ગામમાં મેન્ટેનન્સની કામગીરી કરવા માટે માગણી કરેલી હોવા છતાં આ મેન્ટેનન્સની કામગીરી કરવાને બદલે સીધું વીજચોરીના ચેકિંગ માટે આવેલી ટીમને ઘણું ખરૂ સંભળાવી દીધું હતું. ગામના ઉપસરપંચ મુન્નાભાઈ સભાડીયાએ જાહેરમાં આ ટીમને ટાંટિયા ભાંગી નાખવાની ધમકી પણ આપી હતી. તેમજ ગ્રામજનો સાથે સંઘર્ષ થવાની બીકે આ ટીમ દોઢ કલાકમાં જ કામગીરી આટોપી પરત ફરી ગઈ હતી. વીજ ચેકિંગના વાયરલ થયેલા વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે ગામના ઉપસરપંચ તથા સાથે રહેલા ટોળાએ પોલીસની હાજરીમાં વીજ કર્મીઓને આવી ધમકીઓ અપાતી હોવા છતાં પોલીસ પણ મુકપ્રેક્ષક બનીને જોઈ રહી હતી. આ બાબતે હજુ સુધી કોઈ ફરજમાં રૂકાવટની ફરિયાદ નોંધાઈ નથી. આ બાબતે ઉપસરપંચ મુન્નાભાઈને પૂછતાં તેમણે જણાવેલ કે ૨૦૧૫ થી મેન્ટનસ કરવામાં આવેલ નથી. જોતીરગ્રામ વાયરો નીચા હોવાથી પાવર સપ્લાઈ પુરીના મળતી નથી. આ તમામ વાયરો સોટ થયેલા છે. જે લોકોએ ત્યાં ચેકિંગ કરેલ હતું તે તમામ લોકોએ સરપંચના લેટર ઉપર લાઈન મેન્ટેન્સ કરવા માટેની અરજી પણ કરેલી હતી. તેમ છતાં વીજ કર્મીઓ આવી રીતે ચેકીંગના નામે તુત ગોઠવી લોકોને પરેશાન કરવા પહોંચી જાય છે.

## પાના ૧ ઉપરનું ચાલું બગસરાનાં કાગદડી ગામે

કહેલ કે અમારા ગામમાં કામ કરવુ હોય તો પૈસાનો હપ્તો આપવો પડશે તેમ કહી આસી.એન્જીયર પાસે ખંડણી માંગી હતી. પરંતુ આસી.એન્જીનિયરે ખંડણીના પૈસા આપવાની ના પાડી દેતા પાછળથી બીજા આરોપી જોરૂ ધાધલ તથા એક અજાણ્યો ઈસમ આસી. એન્જીનિયર પાસે આવી આ ચારેય આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ અને આસી. એન્જીનિયરને શરીરે આડેધડ ઢીકાપાટુનો માર મારી લાકડાનો ધોકો વડે ડાબા પગના ઘુંટણ ઉપર મારી દિધેલા અને શરીરે તેમજ મોઢાના ભાગે આડેધડ માર મારતા નાકમાંથી લોહી કાઢી અને આ ચારેય આરોપીઓ આસી. એન્જીનિયરને કહેવા લાગેલ કે 'આને ઉઠાવી લેવો છે આજે' તેમ કહી આરોપીઓએ આસી. એન્જીનિયરને ઢસડીને બળજબરીપુર્વક ફોરવ્હીલ કારમાં નાંખી અપહરણ કરવાની કોશિષ કરી હતી. જયારે આરોપીએ આસી. એન્જીનિયરના શર્ટના ઉપરના ખિસ્સામાંથી મોબાઈલ ફોન કિંમત રૂપિયા ૬,૦૦૦ નો લુંટ કરી ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી અને આસી. એન્જીનિયરની રાજયસેવક તરીકેની ફરજ બજાવવામાં રૂકાવટ કરી નાસી ગયાની આસી. એન્જીનિયરે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ), લાઠી રોડ, અમરેલી -Ad 127

**સંકુલ ઈંગ્લીશ મિડીયમ PTC કોલેજ પ્રવેશ**
**સરકારશ્રીની નવી નિતિ મુજબ – PTC પુનઃ શરૂ**

* સરકારશ્રી ની PTC કોલેજ શરૂ કરવાની નવી નિતિ મુજબ
* સંકુલમાં ઈંગ્લીશ મિડીયમ PTC કોલેજ પુનઃ શરૂ કરેલ છે.
* પ્રવેશ લેવા ઈચ્છનારે – સંકુલ કાર્યાલયનો રૂબરૂ સંપર્ક સાધવો
* ફીઝ સરકારી નિયમ મુજબ – કોલેજ સમય બપોરે ૦૧:૩૦ થી ૦૭:૦૦ ડેઈલી
* સૌરાષ્ટ્ર ગુજરાતનું નામાંકિત નિવાસી ગર્લ્સ સંકુલ - Since 1997


## પાના ૮ ઉપરનું ચાલું ''પાસા'' હેઠળ અટકાયત કરવામાં આવી

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે પાસા–તડીપારના પ્રવર્તમાન કાયદાઓ હેઠળ કાર્યવાહી કરવા સુચના આપેલ હતી.

જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. વી.એમ. કોલાદરાએ અમરેલી જિલ્લામાં મિલકત સબંધી ગુનાઓ આચરતા ઈસમ અસ્લમ આમદભાઈ પબડા (રહે. નટવરનગર બગસરા) વિરૂધ્ધ પુરાવાઓ એકઠાં કરી, પાસા દરખાસ્ત તૈયાર કરી, અમરેલીના પોલીસ અધિક્ષક મારફતે અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ તરફ મોકલી આપેલ હતી.

લોકોની માલ–મિલકત જેના કારણે જોખમમાં મુકાય શકે તેવા ઈસમોની સમાજ વિરોધી પ્રવૃત્તિ પર અંકુશ લાવવાનું જરૂરી જણાતાં અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજએ ઉપરોકત ઈસમ વિરૂધ્ધ પાસાનું વોરંટ ઈસ્યું કરતાં અમરેલી એલ.સી.બી. ટીમ દ્વારા અસ્લમ આમદભાઈ પબડાને પાસા વોરંટની બજવણી કરી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે અટકાયતમાં રહેવા મોકલી આપેલ છે.

### મામલતદાર અને તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ બાબરા

જન્મ/મરણ પરચુરણ અરજી.નં. ૨૧૧/૨૦૨૫ તા.૩૦/૦૮/૨૦૨૫

વિવાદી: **રજીયાબેન આદમભાઈ મેતર,**
રહે. ઢસા, તા.ગઢડા, જિ.બોટાદ.
(મો.નં.)૯૬૨૪૯૯૬૫૫૫

:: વિરૂધ્ધ ::

પ્રતિવાદી: જન્મ–મરણ નોંધણી અધિકારી–વ–ચીફઓફિસરશ્રી, બાબરા
બાબરા નગરપાલિકા, તા.બાબરા, જિ.અમરેલી

**–: જાહેર નોટિસ :–**

**(જન્મનાં દાખલા માટે)**

આથી લાગતા વળગતાઓને આ નોટિસથી જાણ કરવામાં આવે છે કે, બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ઢસા ગામના રહીશ આ કામના અરજદારશ્રીના પુત્રી **નશીમ આદમભાઈ મેતરનો જન્મ તા.૩૦/૦૭/૧૯૮૩ના રોજ મોજે. બાબરા, તા.બાબરા, જિ.અમરેલી** મુકામે થયેલ હોય, જે તે સમયે તેમના **જન્મ**ની નોંધ કરાવેલ ન હોય/જન્મની નોંધ કરાવવાની રહી ગયેલ હોય, જેથી **જન્મ**ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં **તા.૦૯/૦૭/૨૦૨૫** થી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાએ **જન્મનોંધ** દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત **અત્રેની કોર્ટમાં મુદત તા.૧૧/૦૯/૨૦૨૫ના રોજ બપોરનાં ૧૨:૦૦ કલાકે** વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

**તાલુકા એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને મામલતદાર બાબરા**

### અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૮૪૫ | ૧૦૯૦ |
| ૨ | શિંગદાણા | ૧૦૬૬ | ૧૪૦૪ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૧૦ | ૧૨૦૦ |
| ૪ | તલ સફેદ | ૧૦૪૦ | ૨૪૩૦ |
| ૫ | તલ કાળા | ૨૨૯૦ | ૪૫૫૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૩૦૦ | ૨૩૯૧ |
| ૭ | બાજરો | ૪૦૨ | ૪૭૦ |
| ૮ | જુવાર | ૩૨૦ | ૩૯૧ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૮૬ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૬૬ | ૫૬૧ |
| ૧૧ | મગ | ૧૫૧૨ | ૧૭૦૬ |
| ૧૨ | અડદ | ૧૩૯૦ | ૧૫૨૫ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૬૦ |
| ૧૪ | સફેદ ચણા | ૧૦૬૩ | ૧૧૧૧ |
| ૧૫ | તુવેર | ૧૨૦૦ | ૧૨૧૮ |
| ૧૬ | કપાસ | ૯૫૦ | ૧૬૧૪ |
| ૧૭ | એરંડા | ૧૨૨૫ | ૧૨૬૪ |
| ૧૮ | જીરૂ | ૩૪૯૫ | ૩૬૫૫ |
| ૧૯ | ઈસબગુલ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૨૦ | ધાણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૨૧ | મેથી | ૭૬૫ | ૮૪૬ |
| ૨૨ | સોયાબીન | ૮૨૮ | ૮૩૭ |
| ૨૩ | રજકાનુ બી | ૬૫૦૦ | ૭૨૦૦ |
| ૨૪ | કાંગ | ૪૫૦ | ૪૯૦ |

### બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૮૫ | ૧૫૪૫ |
| ૨ | તલ સફેદ | ૧૫૧૦ | ૧૮૧૦ |
| ૩ | તલ કાળા | ૨૫૧૫ | ૪૧૨૫ |
| ૪ | જીરૂ | ૩૦૯૫ | ૩૫૭૫ |
| ૫ | ઘઉં | ૪૬૨ | ૫૪૮ |
| ૬ | અડદ | ૮૨૫ | ૧૩૧૫ |

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૮૦ | ૧૦૩૬ |
| ૨ | શીંગ નવી | – | ૮૪૧ |
| ૩ | તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૪૩૫૦ |
| ૫ | જીરૂ | ૩૦૦૦ | ૩૪૫૨ |
| ૬ | કપાસ | ૧૪૫૦ | ૧૬૧૮ |
| ૭ | કપાસ નવો | ૧૦૫૦ | ૧૪૦૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૪૦ | – |
| ૧૦ | બાજરો | ૩૫૨ | ૪૨૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૧૦૧ |
| ૧૨ | તુવેર | ૮૦૦ | ૯૯૮ |
| ૧૩ | રાય/રાયડો | ૧૦૦૦ | – |

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૬ | ૧૩૯૭ |
| ૨ | ઘઉં | ૫૩૨ | ૫૫૩ |
| ૩ | અડદ | ૧૦૫૬ | ૧૦૫૬ |
| ૪ | મેથી | ૭૭૫ | ૭૭૫ |


### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૯૧૦ | ૧૨૪૫ |
| ૨ | ઘઉં લોકવન | ૪૯૯ | ૫૬૫ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૫૦ |
| ૪ | સોયાબીન | ૭૫૦ | ૮૦૫ |
| ૫ | જુવાર | ૪૮૦ | ૪૮૦ |
| ૬ | તલ કાળા | ૩૬૦૦ | ૩૬૦૦ |
| ૭ | ચણા | ૮૪૦ | ૧૦૯૦ |
| ૮ | તલ સફેદ | ૧૧૦૦ | ૧૮૨૦ |
| ૯ | અડદ | ૮૦૦ | ૧૨૫૦ |
| ૧૦ | મગ | ૮૧૦ | ૧૩૫૦ |
| ૧૧ | મગફળી | ૭૩૫ | ૭૪૫ |
| ૧૨ | મેથી | ૭૧૦ | ૭૧૦ |
| ૧૩ | શીંગફાડા | ૯૫૦ | ૯૫૦ |
| ૧૪ | એરંડી | ૧૧૪૦ | ૧૧૪૦ |

### રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૧૩૫૦ | ૧૯૦૦ |
| ૨ | તલ કાળા | ૨૫૨૫ | ૩૫૦૦ |
| ૩ | તલ પીળા | ૧૯૫૧ | ૧૯૫૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૩૫૧ |
| ૫ | બાજરો | ૩૮૨ | ૫૭૬ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૭૪ |
| ૭ | જુવાર | ૫૧૬ | ૮૧૭ |
| ૮ | મગ | ૮૫૦ | ૧૪૬૦ |
| ૯ | અડદ | ૧૧૩૬ | ૧૧૩૬ |
| ૧૦ | તુવેર | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૧૧ | ચણા | ૮૮૦ | ૧૨૩૦ |
| ૧૨ | જીરૂ | ૩૪૫૧ | ૩૭૮૦ |
| ૧૩ | ધાણા | ૮૭૫ | ૮૭૫ |
| ૧૪ | મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |

# ચલાલામાં ગાયત્રી પરિવાર દ્વારા ૨૮૨મો નેત્રયજ્ઞ, દંતયજ્ઞ કેમ્પ યોજાયો



ચલાલા–અવિરત સેવાકાર્યો કરનાર યુગ નિર્માણ ગાયત્રી પરિવાર ટ્રસ્ટ ચલાલા દ્વારા તાજેતરમાં ૨૮૨મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ, દંતયજ્ઞ કેમ્પ યોજાયો હતો. જેમાં રણછોડદાસજીબાપુ ચેરીટેબલ હોસ્પિટલ, જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલી, નિયામક આયુષની કચેરી–ગાંધીનગર ઉપક્રમે યોજાનાર આ કેમ્પમાં નિષ્ણાંત ડોકટરોની ટીમે સેવા આપી હતી. આ કેમ્પનો શુભારંભ પુ.સંત ડો. રતિદાદાના આશીર્વાદથી મંગલ દિપ પ્રાગટય દ્વારા થયો હતો. બધાને સારૂ થઈ જાય બીજાનું ભલું કરવું તેવી ભગવાનને પ્રાર્થના કરી હતી. સાથે વ્યસન મુકત રહેવું. સત્યનું પાલન કરવું અને બધા સાથે હળી મળીને રહેવું. સ્વ. હંસાબેન રામજીભાઈ ભાયાણી હસ્તે ભાયાણી પરિવાર યુ.કે.ના સહયોગથી રણછોડદાસજી બાપુ ચેરીટેબલ હોસ્પિટલ–રાજકોટ અને જીલ્લા અંધત્વ નિવારણ સમિતિ અમરેલીના સહયોગથી આ નેત્રયજ્ઞમાં આંખના દર્દીઓની ચકાસણી ડો. વાઘેલા કરી હતી, જે પૈકી ૩૬ દર્દીઓને રણછોડદાસ બાપુ ચેરીટેબલ હોસ્પિટલ ખાતે લઈ જઈ અને ફેકોમશીન દ્વારા ઓપરેશન કરી નેત્રમણી પણ વિનામૂલ્યે બેસાડવામાં આવી હતી. નેત્રયજ્ઞમાં ડો. વાઘેલા દ્વારા અનેક દર્દીઓને આંખની તપાસ પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. દંતયજ્ઞમાં તથા અવનીબેન દ્વારા અનેક દર્દીઓને દાતં કાઢી ચાંદી પણ વિનામૂલ્યે પૂરી આપવામાં આવી. આયુર્વેદિક કેમ્પમાં ડો. પ્રકાશભાઈ, ડો. આરતીબેન તેમજ ડો. હેતલબેન એ બધા દર્દીઓને તપાસ કરી દવા પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા ભારત ભુષણ મહેશભાઈ ભુવા અને મંજુબા તથા શીતલબેન સહીત સ્ટાફગણે ખુબ જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ટેકનોલોજી વીક-૨૦૨૫નુ આયોજન






અમરેલી તારીખ ૮ સપ્ટેમ્બર,૨૦૨૫નારોજજુનાગઢ કૃષિ યુનિવર્સિટીના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કેરીયા રોડ, અમરેલી ખાતે 'ટેકનોલોજી વીક -૨૦૨૫'નું આયોજન ડો. મીનાક્ષી કે. બારીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ તા ૮ થી ૧૨ સપ્ટેમ્બર સુધી રહશે જેનો મુખ્ય ઉદ્દેશ્ય ખેડૂતોને આધુનિક કૃષિ ટેકનોલોજી અને વૈજ્ઞાનિક પદ્ધતિઓ વિશે માર્ગદર્શન પૂરૂ પાડવાનો હતો. આ કાર્યક્રમની શરૂઆત મહેમાનોદ્વારાકૃષિપ્રદર્શનનુંઉદ્ઘાટનઅને દીપ પ્રાગટયથી થઈ હતી. આ પ્રસંગે જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના માનનીય કુલપતિ ડો. વી.પી. ચોવટીયાએ અધ્યક્ષ સ્થાનેથી ઉદ્બોધન કર્યુ હતું. સંશોધન નિયામક ડો. એ.જી. પાનસુરીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન.બી. જાદવ અને કુલ સચિવ ડો. વાય.એચ. ઘેલાણીએપ્રાસંગિકપ્રવચનોઆપ્યાહતા. પ્રગતિશીલ ખેડૂત અને પીપીએજી એવોર્ડ વિજેતા વનરાજભાઈ ઝાપડિયાનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. વધુમાં અમરેલી જિલ્લાના કૃષિ અધિકારીગણ બી.એચ. પીપળીયા, નાયબ ખેતી નિયામક, વિસ્તરણ, અમરેલી એ.એમ. કરમુર, નાયબ બાગાયત નિયામક અમરેલી, એમ. ઝેડ. ઝીડ, નાયબ ખેતી નિયામકઅમરેલી ડો. વી.એન. ગોહિલ, સંશોધન વૈજ્ઞાનિક, એઆરએસ, અમરેલીઅનેસ્વપ્નિલદેશમુખ,આચાર્ય, કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલી હાજર રહ્યા હતા. કૃષિ વૈજ્ઞાનિકો ડો. વી.એસ. પરમાર, ડોનેહાતિવારીઅનેડો. સ્વેતા પટેલદ્વારાખેડૂતોનેવિવિધ પાકોની નવીન જાતો, પ્રાકૃતિક ખેતી પદ્ધતિ, કપાસમાં પોષણ વ્યવથાપન અને મૂલ્યવર્ધનનીવિષયપરમાર્ગદર્શનઆપ્યું હતું. કાર્યક્રમના અંતમાં ખેડૂતોને કૃષિ વિજ્ઞાનકેન્દ્ર,અમરેલીનાફાર્મનીમુલાકાત કરાવવામાંઆવીહતી,જયાંતેઓએવર્મી કમ્પોસ્ટ અને જીવામૃત બનાવવાની પદ્ધતિઓનુંજીવંતનિદર્શનજોયુંહતું.આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો ઉપસ્થિતરહ્યાહતાઅનેતેનોલાભલીધો હતો.આભારવિધિડો.વી.એસ.પરમાર દ્વારાકરવામાંઆવીહતી.

### મેન્ટલ હેલ્થ અવેરનેસ એન્ડ સ્યુસાઈડ પ્રિવેન્શાન વિષય પર

## લીલીયા મોટાની સરકારી કોલેજમાં વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું

### વર્તમાન સમયમાં ડીપ્રેશનની સમસ્યા વિકરાળ બની




લીલીયા મોટા, તા.૧૧

આધુનિક સમયમાં લોકોનું માનસિક સ્વાસ્થ્ય સારૂ રહે અને હકારાત્મકતાનો વિકાસ થાય તથા આજનીયુવાપેઢીમાનસિકરીતેમજબુત બને અને પોતાના જીવનમાં આવતા પડકારોનો સામનો કરી શકે તેમજ ડીપ્રેશન, તણાવ તથા ચિંતાનો ભોગ ન બનેઅનેઆત્મહત્યાનું પ્રમાણ નહીવંત થાય તેવા ઉદેશ્યથી ૧૦ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ સરકારી વિનયન અને વાણિજય કાલેજ લીલીયામાં પ્રિન્સિપાલ ડો. રાજેન્દ્રસિંહ રાઠોડની પ્રેરણાથી તથા કોમર્સ વિભાગના અધ્યક્ષ અને નેશનલ ટાસ્ક ફોર્સ નોડલ ઓફિસર ડો. પ્રકાશ પરમારના નેતૃત્વમાં 'મેન્ટલ હેલ્થ અવેરનેસ એન્ડ સ્યુસાઈડ પ્રિવેન્શન' વિષય પર વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કોલેજના હિન્દી વિભાગના અધ્યાપક ડો.મહેશ વાઘેલાદ્વારાવ્યાખ્યાનઆપવામાંઆવ્યું અને આ વ્યાખ્યાનમાં વિદ્યાર્થીઓ, અધ્યાપકો તથા કોલેજના સમગ્ર વહીવટીસ્ટાફનીમાનસિકતંદુરસ્તીવધે તેમજ આજની ભાવી પેઢી ડીપ્રેશન, તણાવ તથા ચિંતાનો ભોગ ન બને અને આત્મહત્યાનુંપ્રમાણનહીવતથાયતેના વિષે વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ પ્રિન્સિપાલ ડો. રાજેન્દ્રસિંહ રાઠોડની પ્રેરણા અને માર્ગદર્શનથી યોજાયો હતો તેઓએ આ વિષય પર સમાજશાસ્ત્રીઓએ લોકો સાથે પરામર્શ કરવો જરૂરી છે, આ કાર્યક્રમને સફળ બનાવવામાં વિદ્યાર્થીઓ અને સમગ્ર શૈક્ષણિક તથા બિન - શૈક્ષણિક સ્ટાફે રસપૂર્વક અને ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે આભાર વિધિ ડો.મહેશ ગઢિયા દ્વારા કરવામાં આવી હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## સા.કુંડલાના વિદ્યાર્થીઓએ નેશનલ સાયન્સ સેમિનારમાં ભાગ લીધો



સાવરકુંડલા, તા.૧૧

અમરેલી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર, બાલભવન અને ચિલ્ડ્રન મ્યુઝિયમ દ્વારા ગુજરાત કાઉન્સિલ આફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (NCSM), વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગ, ગુજરાત સરકાર તથા નેશનલ કાઉન્સિલ આફ સાયન્સ મ્યુઝિયમ (GUJCOST), ભારત સરકારના સંયુક્ત તત્વાવધાન હેઠળ નેશનલ સાયન્સ સેમિનાર - ૨૦૨૫ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે સેમિનારનો વિષય હતો "કવોન્ટમ યુગની શરૂઆત: સંભાવનાઓ અને પડકારો" તા.૯ સપ્ટેમ્બર-૨૦૨૫ના રોજ અમરેલીના બાલભવન કેમ્પસમાં આ સાયન્ટિફિક ફેસ્ટિવલ ખૂબ જ ભવ્ય રીતે યોજાયો હતો. સમગ્ર કેમ્પસ આમંત્રિત મહેમાનો, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને સ્ટાફથી ગૂંજી ઉઠયું હતું.

આ પ્રતિષ્ઠિત સેમિનારમાં સાવરકુંડલાની જે.વી.મોદી હાઈસ્કૂલના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ ટાંક ભવદીપ, સોલંકી માનવ, બાવનકા અરમાન અને કુલદીપે ઉમંગે ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને માર્ગદર્શન શાળાના વિજ્ઞાન શિક્ષક નીતિનભાઈ સાવજે આપી મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

શાળાના ઈન ચાર્જ આચાર્ય જીતુભાઈ ભટ્ટે વિદ્યાર્થીઓની ભાગીદારી બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. સાથે જ નૂતન કેળવણી મંડળના પ્રમુખ શ્રીમતી ચંદ્રિકાબેન ઘેલાણી, ઉપપ્રમુખ કનુભાઈ ગેડિયા, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા તથા ટ્રસ્ટીગણે આનંદ વ્યક્ત કરી ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

## સાવરકુંડલા ખાતે સ્વામીનારાયણ ગુરૂકુળ દ્વારા યોજાયેલ રમતોત્સવ



સાવરકુંડલા, તા. ૧૧

સાવરકુંડલાશહેરમાંઆવેલ શિક્ષણ સંસ્કાર અને ચારિત્ર્ય નિર્માણના ધામ સમા શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ ખાતે શાળાકીય શિક્ષણના એક ભાગ રૂપે યોજવામાં આવેલ રમતોત્સવમાં કોમર્સ આટ્ર્સ વિભાગના વિધાર્થીઓ માટે જુદી જુદી રમતો જેવી કે દોડ, કૂદ, દોરડાં ખેંચ, કોથળા દોડ, સંગીત ખુરશી,એક પગી દોડ, એક મિનિટ સ્પર્ધા, ખોખો, નારગોલ વિગેરે જેવી રમતો રમાડવામાં આવી હતી.

આજના ડિજિટલ યુગમાં વિધાર્થીઓમાં શારીરિક કેશલ્ય વધારવા માટે રમતો આવશ્યક હોય છે જેનાથી મન પ્રસન્નતા અનુભવે છે તે માટે જીવનમાં રમતો સ્થાન ખૂબ મહત્વ ધરાવે છે જે પ્રયાનમાં લઈ ગુરૂકુળ સંસ્થા સમયાંતરે વિવિધ સ્પર્ધાઓ યોજાતી હોય છે જેના ભાગ રૂપે આજરોજ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ જેને સંસ્થાના પ્રમુખ શાસ્ત્રી હરિપ્રસાદ દાસજી સ્વામી, સંસ્થાના કોઠારી સ્વામી અક્ષર મુક્ત દાસજી સ્વામી, શુકદેવજી સ્વામી, ડાયરેક્ટર વ્યાસ, કોમર્સ આટ્ર્સ વિભાગના આચાર્ય કમલેશભાઈની સાથે શાળાના શિક્ષકો દ્વારા રમતોત્સવને ખુલ્લો મુકવામાં આવ્યો.

રમતોત્સવ માટે ગુઢકુળ શાળાના પીટીટીચર તરીકે શ્રી દીપકભાઈ વાળા અને ઝાલા દિગ્ગજસિંહ દ્વારા ખૂબ સુંદર સેવાઓ મળી હતી. રમતોત્સવમાં વિજેતા થનાર વિધાર્થીઓ માટે મેડલ તથા સર્ટિફિકેટ આપી સન્માનિત કરવામાં આવેલ તથા ભાગ લેનાર વિદ્યાર્થીઓ માટે ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમ માટે ગુરૂકુળ સંસ્થાના કોઠારી સ્વામી અક્ષર મુક્ત દાસજી સાથે શાળાના આચાર્ય કમલેશભાઈએ જહેમત ઉઠાવી હતી.

## શાખપુર ખાતે શાળા આરોગ્ય તપાસનું આયોજન

અમરેલી, તા. ૧૧

લાઠી તાલુકાની શાખપુર ગામની સરકારી માધ્યમિક શાળા, કુમાર અને કન્યા પ્રાથમિક શાળા ખાતે શાળા આરોગ્ય અને રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ અંતર્ગત આરોગ્ય તપાસનું આયોજન કરેલ હતું. જેમાં ડો. આર. આર.મકવાણાના માર્ગદર્શન હેઠળ ડો. હરિવદન પરમાર, ડો. મિતલ શેલીયા, ફાર્માસિસ્ટ તૃપ્તિ બોરીચા અને વિલાસ સાગઠીયા, આશા બહેનો દ્વારા શાળાના તમામ વિદ્યાર્થીઓનું વજન, ઊંચાઈ કરી બી. એમ. આઈ. કાઢી પોષણની સ્થિતિનું મૂલ્યાંકન કર્યુ હતું. ઉપરાંત, તમામની ડિજિટલમશીનથીલોહીનીહીમોગ્લોબિન તપાસ, ઓટોસ્કોપીઅનેઓપ્ટેલ્મોસ્કોપી જેવાઆધુનિકસાધનોથીસ્થળપરજઆંખ, કાન, ગળાની તપાસ વગેરે તબીબી તપાસ કરીજરૂરિયાતવાળાવિદ્યાર્થીઓનેસ્થળપર સારવાર આપી હતી. તમામ વિદ્યાર્થીઓને વિવિધઆરોગ્યલક્ષીમાર્ગદર્શનઆપીવાલી મિટિંગયોજીસારવારઆપેલવિદ્યાર્થીઓની આરોગ્ય સ્થિતિ અંગે ચર્ચા કરી હતી. ઉલ્લેખનીય છે કે, ગત વર્ષે આ પ્રકારની આરોગ્યતપાસમાંજોવામળેલહૃદયરોગ, કિડની અને આંખની ખામી જેવા જીવલેણ રોગોની સફળતા પૂર્વક સારવાર પૂરી કરવામાંઆવીહતી.

### ''તેરા તુજકો અર્પણ'' કાર્યક્રમ અંતર્ગત

## અમરેલીની નેત્રમ ટીમે અરજદારનો ગુમ થયેલ સોનાનો ચેઈન પરત અપાવ્યો

### નાગનાથ મંદિર સામે ખિસ્સામાંથી ચેઈન પડી ગયેલ



અમરેલી, તા. ૧૧

અમરેલીના હેડ ક્વાર્ટરના નાયબ પોલીસ અધિક્ષક એ.જી. ગોહિલ તથા નોડલ ઓફિસર વિાસ પ્રોજેકટ અને ઈન્ચાર્જ પોલીસ સબ ઈન્સ્પે. ' નેત્રમ કમાન્ડ કંટ્રોલ સેન્ટર એચ.એલ.પાથરના માર્ગદર્શન મુજબ કમાન્ડ કંટ્રોલસેન્ટર (નેત્રમ) અમરેલી ખાતે સીસીટીવી કેમેરાઓની મદદથી ૨૪×૭ કલાક સર્વેલન્સની કામગીરી કરવામાં આવી રહેલ છે. જે અન્વયે અરજદાર અમરેલીના હનુમાનપરા શેરી નં-૫ માં રહેતા રવિભાઈ નાનજીભાઈ જાદવ તા.૧૧ના રોજ નાગનાથ મંદિરની પાસે પોતાની મોટર સાયકલ નં. જીજે ૧૪ બીસી ૨૦૪૫ વાળી પાર્ક કરી અને એક્સિસ બેન્કમાં કામકાજ સબબ ગયેલ હતા. બાદમાં તેઓનું કામકાજ પતાવીને પરત આવતા પોતાનાં ખીસ્સામાંથી મોટર સાયકલની ચાવી બહાર કાઢવા જતા સોનાનો ચેઈન કિંમત રૂપિયા ૧,૪૫,૮૦૦નો નીચે પડી ગયેલ હતો. જે બનાવ અનુસંધાને કમાન્ડ કંન્ટ્રોલ સેન્ટર ખાતે નાગનાથ મંદિરના કેમેરા ચેક કરવા આવતા અરજદાર ચાલીને પાર્ક કરેલ મોટર સાયકલા પાસે જતા જોવા મળેલ હતા. અને ખીસ્સામાં હાથ નાખતા કંઈક વસ્તુ નીચે પડતા જોવા મળેલ હતી. જે વસ્તુ એક અજાણ્યો મોટર સાયકલ ચાલક લેતા જોવા મળેલ હતા. જેને ટ્રેસ કરતા મોટર સાયકલ નં. જીજે ૦૧ એમજે ૨૩૧૬ હોય જેના માલિકની ડીટેઈલ મેળવી સંપર્ક કરી અરજદારનો સોનાનો ચેઈન કિંમત રૂ. ૧,૪૫,૮૦૦નો પરત કરી 'તેરા તુજકો અર્પણ' કાર્યક્રમ અમરેલી 'નેત્રમ' ટીમ દ્વારા સાર્થક કરેલ હતો.

### જિલ્લા મેજિસ્ટ્રેટએ બ્રિજ જર્જરીત હોવાથી પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ

## લાઠીનાં મૂળીયાપાટ-સુવાગઢ રોડ પરના બ્રિજ ઉપરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ

### મુળીયાપાટથી વીકળીયા - સુવાગઢનો વૈકલ્પિક રૂટ જાહેર

અમરેલી, તા.૧૧

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાનાં મુળીયાપાટ-સુવાગઢ રોડ પરના ચે. ૩/૮ થી ૪/૦ વચ્ચે સિંચાઈ વિભાગના પથ્થરના બાંધકામવાળો હયાત પુલ જર્જરિત હોય અને અકસ્માત કે દુર્ઘટના ન સર્જાયતે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ વિકલ્પ ભારદ્વાજે જાહેરનામું પ્રસિદ્ધ કરીને આ બ્રિજ પરથી ભારે વાહનોની અવર-જવર પર પ્રતિબંધ મૂકયો છે. સાથે જ વૈકલ્પિક રૂટ પણ જાહેર કર્યો છે.વૈકલ્પિક રૂટ મુજબ ઠાંસા-મુળીયાપાટ-સુવાગઢ રોડ પરથી પસાર થતા ભારે વાહનોએ મુળીયાપાટથી વીકળીયાથી સુવાગઢ રોડ પરથી પસાર થવાનું રહેશે. આ જાહેરનામું ઉક્ત પુલ નવો ન બને અથવા મરામત કરી અવર- જવર માટે સલામતીની દ્રષ્ટીએ સુરક્ષિત ન બને ત્યાં સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૩૧માં દર્શાવેલ શિક્ષાને પાત્ર ઠરશે.

# પિપાવાવ : એપીએમ ટર્મિનલ્સે ગ્રામિણ સમુદાયો માટે જીવનરક્ષક પશુ આરોગ્ય સેવા ઉપલબ્ધ કરાવી






એપીએમ ટર્મિનલ્સ પિપાવાવે ૪૫ ગામડામાં એક લાખથી વધુ પશુધનને આરોગ્ય સેવાઓ પ્રદાન કરીને તેની ફ્લેગશીપ સામુદાયિક પહેલ પશુ ઉદય દ્વારા એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન હાંસલ કર્યુ છે. આ પહેલ પશુચિકિત્સા સંભાળ, નિવારક આરોગ્ય અને નસ્લ સુધાર સેવાઓ પ્રદાન કરીને ગ્રામીણ આજીવિકાની સુરક્ષામાં મહત્વપૂર્ણભૂમિકાનિભાવેછે. પશુઉદય કાર્યક્રમ ખેડૂતોને મોબાઈલ વેટ કિલનિકસ દ્વારા પશુચિકિત્સા સેવાઓની એકસેસ સુનિશ્ચિત કરે છે, જે કામકાજના કલાકો દરમિયાન નિયમિત બિમારીઓ માટે ઘરઆંગણે સારવાર તેમજ સિંહના હુમલા, ડાયસ્ટોસિયા અને પ્રોલેપ્સ જેવી ગંભીર પરિસ્થિતિઓ માટે ચોવીસ કલાક કટોકટી સહાય પૂરી પાડે છે. પ્રિવેન્ટિવ અને ડાયગ્નોસ્ટિક સંભાળ પૂરી પાડવા માટે નિયમિત પશુ આરોગ્ય શિબિરો પણ યોજવામાં આવે છે, જે ઘણીવાર એક જ દિવસમાં સેંકડો પ્રાણીઓ સુધી પહોંચે છે. આ ઉપરાંત પશુઓની વસ્તીને સુરક્ષિત રાખવા માટે ઘરગથ્થુ અને ગ્રામ્ય સ્તરે પગ અને મોંના રોગ સામે વાર્ષિક રસીકરણ અભિયાનનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમ યુનાઈટેડ ઈન્ડિયા ઈન્શ્યોરન્સ અને ઈફકો ટોકિયો સાથે ભાગીદારીમાં પશુધન વીમાની સુવિધા પણ આપે છે, જયારે ગંભીર અને જટિલ કેસ માટે પેથોલોજીકલ સેવાઓ પ્રદાન કરે છે. ખેડૂતોને સમયસર ઈમર્જન્સી કેરનો પણ ફાયદો થયો છે, જેના કારણે જંગલી પ્રાણીઓ દ્વારા હુમલો કરાયેલા અથવા ગંભીર પ્રજનન અને અન્ય સમસ્યાથી પીડાતા પશુધનને બચાવી લેવામાં આવ્યા છે. આ પહેલથી પશુ આરોગ્ય અને ખેડૂતનો વિશ્વાસ બંને પુનઃસ્થાપિત થયા છે. એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ સમુદાયની મજબૂતાઈ અને વિકાસ માટે કટીબદ્ધ છે કારણ કે તે ગ્રામીણ ભારતને મહત્વપૂર્ણ સંસાધનોથી સશક્ત બનાવે છે. જે તેના લોકો અને પશુધન બંનેના સ્વાસ્થ્ય અને સમૃદ્ધિને સુનિશ્ચિત કરે છે.

